અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2025/2416-53
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.28/08/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ધોરણ-10 અને ધોરણ-12ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ધોરણ-10 અને ધોરણ-12ના નીચે મુજબના વિષયોના પ્રશ્નપત્રોમાં ચિત્ર/આકૃતિ/ગ્રાફ/નકશા આધારિત પ્રશ્નોમાં દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક પ્રશ્નો આપવાના થાય છે. આ પ્રશ્નો અંગેની સૂચનાઓ નીચે દર્શાવેલ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ નમૂનાના પ્રશ્નપત્રમાં દર્શાવવામાં આવેલ છે. જે આ સાથે મોકલી આપવામાં આવે છે.

| ક્રમ | ધોરણ-10 | ધોરણ-12 (સા.પ્ર.) | ધોરણ-12 (વિ.પ્ર.) |
|---|---|---|---|
| 1 | ગણિત (સ્ટાન્ડર્ડ) | અર્થશાસ્ત્ર | ગણિત |
| 2 | ગણિત (બેઝિક) | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | રસાયણ વિજ્ઞાન |
| 3 | સામાજિક વિજ્ઞાન | આંકડાશાસ્ત્ર | ભૌતિક વિજ્ઞાન |
| 4 | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | મનોવિજ્ઞાન | જીવવિજ્ઞાન |
| 5 | વિજ્ઞાન | ભૂગોળ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| 6 | - | તત્વજ્ઞાન | - |
| 7 | - | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | - |

ઉપરોક્ત ધોરણ-10 અને ધોરણ-12ના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ- ઉપર મુજબ.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨) નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર., વિ.પ્ર., એસ.એસ.સી.) જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

E:\HK-\પરીક્ષા - ૨૦૨૩\પરિપત્ર - 28-08-2025 (2).docx

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

# ધોરણ-12 આંકડાશાસ્ત્ર (135) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — **પ્રશ્નપત્રનું પરિરૂપ** — કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 20 | 20 | 24 | 36 | 100 |
| ટકા (%) | 20% | 20% | 24% | 36% | 100% |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | કુલ ગુણ |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 07 | 09 | 14 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો(SA-II) | 08 | 12 | 24 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 07 | 10 | 32 |
| | કુલ | 52 | 61 | 100 |

### પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમાંક | પાઠ/પ્રકરણનું | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | વિકલ્પ વગર ગુણભાર | જનરલ વિકલ્પ સાથે ગુણભાર |
| | ભાગ-1 | | |
| 1. | સૂચક આંક | 12 | 16 |
| 2. | સુરેખ સહસંબંધ | 12 | 18 |
| 3. | સુરેખ નિયત સંબંધ | 12 | 16 |
| 4. | સામયિક શ્રેણી | 12 | 18 |
| | ભાગ-2 | | |
| 1. | સંભાવના | 12 | 14 |
| 2. | યાદચ્છિક ચલ અને અસતત સંભાવના વિતરણ | 10 | 12 |
| 3. | પ્રામાણ્ય વિતરણ | 10 | 13 |
| 4. | લક્ષ | 10 | 11 |
| 5. | વિકલન | 10 | 12 |
| | કુલ | 100 | 130 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### શૈક્ષણિક વર્ષ - 2025-26

### ધોરણ-12 આંકડાશાસ્ત્ર (135) (સામાન્ય પ્રવાહ)

### વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

---

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગો છે.

(2) સાદા ગણનયંત્રનો ઉપયોગ માન્ય છે.

(3) Z-કોષ્ટકનો ઉપયોગ કરી શકાશે.

---

### વિભાગ-A

- નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [20]

  પ્રશ્ન ક્રમાંક 1 થી 20

### વિભાગ-B

- નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેકનો 1 ગુણ) [10]

  પ્રશ્ન ક્રમાંક 21 થી 30

### વિભાગ-C

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (નવમાંથી કોઈપણ સાત) (દરેકના 2 ગુણ) [14]

  પ્રશ્ન ક્રમાંક 31 થી 39

### વિભાગ-D

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (બારમાંથી કોઈપણ આઠ) (દરેકના 3 ગુણ) [24]

  પ્રશ્ન ક્રમાંક 40 થી 51

### વિભાગ-E

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (ચારમાંથી કોઈપણ ત્રણ) (દરેકના 4 ગુણ) [12]

  પ્રશ્ન ક્રમાંક 52 થી 55

### વિભાગ-F

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (છમાંથી કોઈપણ ચાર) (દરેકના 5 ગુણ) [20]

  પ્રશ્ન ક્રમાંક 56 થી 61

---

નોંધ : કોઈપણ વિભાગમાં આકૃતિ/આલેખ/ચિત્ર આધારિત પ્રશ્ન પૂછેલ હોય તો તેમાં બે વિકલ્પ આપવા. જેમાં વિકલ્પ-'A' સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને વિકલ્પ-'B' માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેનો જ પ્રશ્ન છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

# ધોરણ-12 આંકડાશાસ્ત્ર (135) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — નમૂનાનું પ્રશ્નપત્ર — કુલ ગુણ : 100

સૂચનાઓ :
(1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગો છે.
(2) સાદા ગણનયંત્રનો ઉપયોગ માન્ય છે.
(3) Z-કોષ્ટકનો ઉપયોગ કરી શકાશે.
(4) પ્રશ્નોમાં જનરલ વિકલ્પો આપેલા છે. પરંતુ આકૃતિ/આલેખ/ચિત્રો આધારિત પ્રશ્નોમાં દષ્ટિહિન વિદ્યાર્થીઓ માટે આંતરિક વિકલ્પ તરીકે આપેલા પ્રશ્નને ધ્યાનમાં લેવો.
(5) આ પ્રશ્નપત્રમાં પ્રશ્નક્રમાંક 35(B), 52(B) અને 53(B) માત્ર દષ્ટિહિન વિદ્યાર્થીઓ માટે જ છે.

## વિભાગ - A

• નીચનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો જવાબ લખો : (દરેકનો 1 ગુણ) [20]

1. ચલ રાશિની કિંમતમાં થતા લાંબા ગાળાના ફેરફારોની સરખામણી માટે કઈ રીત ઉપયોગી છે ?
(A) પરંપરિત આધારની રીત (B) લાસ્પેયરની રીત
(C) અચલ આધારની રીત (D) પાશેની રીત

2. જીવનનિર્વાહ ખર્ચના સૂચક આંકની રચનામાં કયા ભાવ ધ્યાનમાં લેવાય છે ?
(A) બજાર ભાવ (B) જથ્થાબંધ ભાવ
(C) સરેરાશ ભાવ (D) છૂટક ભાવ

3. સહસંબંધાંક r નો વિસ્તાર શું છે ?
(A) $-1 < r < 1$ (B) 0 થી 1
(C) $-1 \le r \le 1$ (D) -1 થી 0

4. જો બે ચલ વચ્ચે અચળ પ્રમાણમાં એકબીજાથી વિરૂદ્ધ દિશામાં ફેરફાર થતા હોય, તો તે બે ચલ વચ્ચે કેવા પ્રકારનો સહસંબંધ મળે ?
(A) આંશિક ધન સહસંબંધ (B) સંપૂર્ણ ઋણ સહસંબંધ
(C) સંપૂર્ણ ધન સહસંબંધ (D) આંશિક ઋણ સહસંબંધ

5. નીચેના પૈકી કયો વિકલ્પ બે ચલ વચ્ચેનો વિધેયાત્મક સંબંધ દર્શાવે છે ?
(A) સહસંબંધ (B) નિયતસંબંધ
(C) મધ્યક (D) વિચરણ

6. સહસંબંધાંક (r)ની કઈ કિંમત માટે નિયતસંબંધાંકની કિંમત શૂન્ય થાય છે ?
(A) 1 (B) -1
(C) $\frac{1}{2}$ (D) 0

7. 'હડતાલના કારણે કોઈ એક કંપનીના ઉત્પાદનમાં થયેલો ઘટાડો' કઈ વધઘટ દર્શાવે છે ?
(A) યાદચ્છિક (B) વલણ
(C) મોસમી (D) ચક્રીય

8. સામયિક શ્રેણીનો નિરપેક્ષ ચલ જણાવો.

(A) $y_t$ (B) $S_t$

(C) $t$ (D) $x_t$

9. ઘટનાઓ A અને A' માટે $P(A \cap A')$નું મૂલ્ય કેટલું થાય ?

(A) 1 (B) 0

(C) 0.5 (D) 0 અને 1ની વચ્ચે

10. સંભાવનાની પ્રશિષ્ટ વ્યાખ્યા બીજા કયા નામે ઓળખાય છે ?

(A) ગાણિતિક વ્યાખ્યા (B) પૂર્વ ધારણાયુક્ત વ્યાખ્યા

(C) આંકડાશાસ્ત્રીય વ્યાખ્યા (D) ભૌમિતિક વ્યાખ્યા

11. નીચેનામાંથી કયો ચલ એ અસતત ચલનું ઉદાહરણ બનશે ?

(A) વિદ્યાર્થીની ઊંચાઈ (B) વિદ્યાર્થીનું વજન

(C) વિદ્યાર્થીનું બ્લડપ્રેશર (D) વિદ્યાર્થીનું જન્મ વર્ષ

12. n=10 પ્રાચલવાળા ધન વિષમ દ્વિપદી વિતરણ માટે નીચે આપેલ કિંમતો પૈકી કઈ કિંમત મધ્યકની હોઈ શકે ?

(A) 5 (B) 3

(C) 9 (D) 7

13. n અને p પ્રાચલવાળા દ્વિપદી વિતરણ માટે એક પણ સફળતા ન મળે તે ઘટનાની સંભાવના માટેનું સૂત્ર નીચેના પૈકી કયું છે ?

(A) $n_{c_0}p^nq^0$ (B) $n_{c_0}p^0q^n$

(C) $n_{c_0}pq^n$ (D) $n_{c_0}p^nq$

14. પ્રામાણ્ય વક્રમાં $\mu$ થી જમણી બાજુના પ્રદેશનું ક્ષેત્રફળ કેટલું હોય છે ?

(A) 0 (B) 0.5

(C) 1 (D) -0.5

15. પ્રામાણ્ય વિતરણમાં સામાન્ય રીતે કેટલા ટકા અવલોકનો $\mu \pm \sigma$ ની સીમામાં હોય છે ?

(A) 34.13% (B) 95.45%

(C) 68.26% (D) 50%

16. પ્રામાણ્ય ચલ માટે સરેરાશ વિચલનની લગભગ કિંમત નીચેના પૈકી કઈ છે ?

(A) $\frac{4}{5}\sigma$ (B) $\frac{4}{5}\mu$

(C) $\frac{2}{3}\sigma$ (D) $\frac{2}{3}\mu$

17. 3 નું 0.3 સામીપ્યનું માનાંક સ્વરૂપ કયું છે ?

(A) $|x - 0.3| < 3$ (B) $|x - 3| < 0.3$

(C) $|x + 3| < 0.3$ (D) $|x - 3| > 0.3$

18. $\lim_{x \to -2} 10$ ની કિંમત શું હોય ?

(A) 10 (B) -2

(C) 8 (D) અનિયત

19. y = ax", જ્યાં α અચળ સંખ્યા હોય તો $\frac{dy}{dx}$ ની કિંમત શું થાય છે ?

(A) $nx^{n-1}$ (B) $an\ x^{n-1}$

(C) 0 (D) $an\ x^{n+1}$

20. u અને v,x નાં વિધેયો હોય તો, $\frac{v}{u}$નું વિકલીતનું સૂત્ર કયું છે ?

(A) $\frac{v\frac{du}{dx} - u\frac{dv}{dx}}{v^2}$ (B) $\frac{v\frac{du}{dx} + u\frac{dv}{dx}}{v^2}$

(C) $\frac{u\frac{dy}{dx} + v\frac{du}{dx}}{u^2}$ (D) $\frac{u\frac{dv}{dx} - v\frac{du}{dx}}{u^2}$

## વિભાગ - B

- નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો : (દરેકનો 1 ગુણ) [10]

21. ફુગાવાનો દર શોધવા માટે કયા સૂચક આંકનો ઉપયોગ કરવામાં આવે છે. ફુગાવાનો દર શોધવાનું સૂત્ર આપો.
22. સહસંબંધની વ્યાખ્યા આપો.
23. સુરેખ નિયતસંબંધ મૉડેલ જણાવો.
24. સામયિક શ્રેણીનું વલણ માપવાની રીતોના નામ લખો.
25. ઘટનાની વ્યાખ્યા લખો.
26. અસતત યાદૃચ્છિક ચલની વ્યાખ્યા આપો.
27. પ્રામાણ્ય વિતરણની વિષમતા કેટલી હોય છે ?
28. પ્રમાણિત પ્રામાણ્ય વક્ર એ પ્રમાણિત પ્રમાણ્ય ચલની કઈ કિંમતની બંને બાજુએ સંમિત હોય છે ?
29. 0 નું 0.09 સામીપ્યને અંતરાલ સ્વરૂપમાં દર્શાવો.
30. y = a", a અચળ સંખ્યા છે તો $\frac{dy}{dx}$ મેળવો.

## વિભાગ - C

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (નવમાંથી કોઈપણ સાત) (દરેકના 2 ગુણ) [14]

31. આધાર વર્ષ એટલે શું ? તેની પસંદગીમાં મુખ્ય કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ ?
32. કાર્લ પિયર્સનની રીતની ધારણાઓ લખો.
33. જો $\bar{x}$ = 30, $\bar{y}$ = 20 અને b = 0.6 હોય, તો Yની X પરની નિયતસંબંધ રેખાનો અંતઃખંડ શોધો અને તે રેખાનું સમીકરણ લખો.

34. સામયિક શ્રેણીનું યોગનીય મોડેલ વર્ણવો.

35(A). આ પ્રશ્ન ફક્ત સામાન્ય વિદ્યાર્થી માટે જ છે.

આપેલ ઘટના માટે વેન આકૃતિ દોરી તેની વ્યાખ્યા લખો : યોગ ઘટના

35(B). આ પ્રશ્ન ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે જ છે.

યોગ ઘટનાની વ્યાખ્યા આપી ઉદાહરણ લખો.

36. એક સંમિત દ્વિપદી વિતરણ માટે જો n = 4 હોય, તો P(4) મેળવો.

37. $\lim_{x \to -2} \frac{x^7 + 128}{x + 2}$ ની કિંમત શોધો.

38. $x \to 0$ નો અર્થ સમજાવો.

39. વ્યાખ્યાની મદદથી $f(x) = k$ (k અચળાંક છે.) નું વિકલિત મેળવો.

## વિભાગ - D

• નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (બારમાંથી કોઈપણ આઠ) (દરેકના 3 ગુણ) [24]

40. પ્રશ્નનો જવાબ આપો : જો $\Sigma p_1q_0 . \Sigma p_0q_0 = 3 : 2$ અને $\Sigma p_1q_1 : \Sigma p_0q_1 = 5:3$ હોય, તો $I_L$, $I_P$ અને $I_F$ શોધો.

41. અચલ આધાર અને પરંપરિત આધારની રીત વચ્ચેનો તફાવત આપો.

42. આપેલી વિગતો પરથી સહસંબંધાંક r શોધો : n = 20, (Cov (x,y) = -50, $S_x$ = 15, $S_y$ = 8.

43. કુટુંબની વાર્ષિક આવક (X) અને મ્યુચ્યુઅલ ફંડમાં કુટુંબનું વાર્ષિક રોકાણ (Y) એ બે ચલો વચ્ચેનો અભ્યાસ કરવા એક શહેરમાંથી મેળવેલો 100 કુટુંબોની નિદર્શ માહિતીનો સાર નીચે દર્શાવ્યો છે.

X = કુટુંબની વાર્ષિક આવક (લાખ ₹ માં)

Y = કુટુંબનું મ્યુચ્યુઅલ ફંડમાં વાર્ષિક રોકાણ (હજાર ₹ માં)

$\bar{x}$ = 5.5, $\bar{y}$ = 40.5, $S_x$ = 1.2, Sy - 12.8, r = 0.65

આ માહિતી પરથી કુટુંબના મ્યુચ્યઅલ ફંડમાં રોકાણની કુટુંબની વાર્ષિક આવક પરની નિયતસંબંધ રેખા મેળવો. જો કોઈ કુટુંબની વાર્ષિક આવક 4.5 લાખ ₹ હોય, તો તેનો મ્યુચ્યુઅલ ફંડમાં વાર્ષિક રોકાણનું અનુમાન મેળવો.

44. નિયતસંબંધાંકના ગુણધર્મો જણાવો અને નિયતસંબંધ રેખા હંમેશાં કયા બિંદુમાંથી પસાર થાય છે તે જણાવો.

45. એક સામયિક શ્રેણીના ચલ (y) માટેની નીચેની માહિતી પરથી સુરેખ સમીકરણનું અન્વાયોજન કરો.

n = 4, Σy = 270, Σry = 734.

46. RUTVA શબ્દના બધા જ અક્ષરોની મદદથી બનતી તમામ ગોઠવણીઓમાં R પ્રથમ સ્થાને આવે તેની સંભાવના શોધો.

47. એક પેટીમાં કુલ 10 ચિઠ્ઠીઓ છે જે પૈકી 3 ચિઠ્ઠીઓ ઇનામને પાત્ર છે. કથન નામનો બાળક આ પેટીમાંથી યાદૃચ્છિક રીતે બે ચિઠ્ઠીઓ ઉપાડે છે. કથનને ઈનામ મળે તેની સંભાવના શોધો.

48. ડિજિટલ સ્ટોર A માં 6 LED ટી.વી. અને 4 LCD ટી.વી. તથા ડિજિટલ સ્ટોર B માં 5 LED ટી.વી. અને 3 LCD ટી.વી. ડિસ્પ્લેમાં મૂકેલાં છે. બેમાંથી એક સ્ટોરની યાદૃચ્છિક રીતે પસંદગી કરી તેમાંથી એક ટી.વી.ની પસંદગી કરવામાં આવે, તો તે LCD ટી.વી. હોવાની સંભાવના શોધો.

49. નીચે આપેલ વિતરણ એ અસતત ચલનું સંભાવના-વિતરણ ક્યારે બને તે નક્કી કરો. તે પરથી

x =2 માટેની સંભાવના મેળવો : $p(x) = c\left(\frac{1}{4}\right)^x$, x = 1,2,3,4

50. દ્વિપદી વિતરણના ગુણધર્મો જણાવો.

51. $f(x) = 4x^3 + 2x^2 + 7x + 9$ હોય, તો xની કઈ કિંમત માટે $f''(x) = 52$ થાય ?

## વિભાગ - E

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (ચારમાંથી કોઈપણ ત્રણ) (દરેકના 4 ગુણ) [12]

52(A). આ પ્રશ્ન ફક્ત સામાન્ય વિદ્યાર્થી માટે છે.

શહેરના એક પેટ્રોલ પંપ પર થતું પેટ્રોલનું દૈનિક વેચાણ પ્રામાણ્ય વિતરણને અનુસરે છે અને તેના મધ્યક અને પ્રમાણિત વિચલન અનુક્રમે 33,000 લિટર અને 3,000 લિટર છે. (1) કોઈ એક માસ દરમિયાન પેટ્રોલ પંપ પરથી પેટ્રોલનું દૈનિક વેચાણ 30,000 થી ઓછું થયું હોય તેવા દિવસોની ટકાવારી મેળવો. (2) મે માસના કેટલા દિવસો દરમિયાન પેટ્રોલનું વેચાણ 32,000 લિટર અને 35,000 લિટરની વચ્ચે હોઈ શકે ?

52(B). આ પ્રશ્ન ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે જ છે.

પ્રામાણ્ય વિતરણનું સૂત્ર તેમજ લક્ષણો સવિસ્તાર સમજાવો.

53(A). આ પ્રશ્ન ફક્ત સામાન્ય વિદ્યાર્થી માટે જ છે.

એક પ્રામાણ્ય ચલ Xનો મધ્યક 400 અને વિચરણ 900 મળે છે, તો આ વિતરણ માટે ચોથો દશાંશક અને 90મો શતાંશક શોધી તેનું અર્થઘટન કરો.

53(B). આ પ્રશ્ન ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે જ છે.

પ્રમાણિત પ્રામાણ્ય વિતરણનું સૂત્ર તેમજ લક્ષણો જણાવો

54. $\lim_{x \to 3} \frac{x^2 - 2x - 3}{x^2 - 5x + 6}$ની કિંમત શોધો.

55. એક રમકડું ₹. 20ની કિંમતે વેચાય છે. આવાં x રમકડાં બનાવવાનો કુલ ખર્ચ $C = 1000 + 16.5x + 0.001x^2$ ₹. થાય છે. કેટલાં રમકડાં બનાવવાથી મહત્તમ નફો થાય ?

## વિભાગ - F

- નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (છમાંથી કોઈપણ ચાર) (દરેકના 5 ગુણ) [20]

56. નીચે આપેલી માહિતી પરથી વર્ષ 2015 માટેનો આદર્શ સૂચક આંક ગણો :

| વસ્તુ | એકમ | આધાર વર્ષ 2014 | | ચાલુ વર્ષ 2015 | |
|---|---|---|---|---|---|
| | | ભાવ (₹) | જથ્થો | ભાવ (₹) | જથ્થો |
| A | 20 કિગ્રા | 120 | 10 કિગ્રા | 280 | 15 કિગ્રા |
| B | 5 ડઝન | 120 | 3 ડઝન | 140 | 48 નંગ |
| C | કિગ્રા | 4 | 5000 ગ્રામ | 8 | 4 કિગ્રા |
| D | 5 લિટર | 52 | 15 લિટર | 58 | 20 લિટર |

57. એક સામાન્ય જ્ઞાન માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષા અગાઉ છેલ્લા દિવસોની તૈયારીની પરીક્ષાના પરિણામ પર અસર જાણવા લગભગ સમાન બૌદ્ધિકક્ષમતા ધરાવતા સાત ઉમેદવારોનો એક નિદર્શ લઈ નીચે મુજબ માહિતી એકઠી કરવામાં આવે છે :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| છેલ્લા ત્રણ દિવસમાં વાચન (કલાક) | 25 | 38 | 30 | 28 | 34 | 40 | 36 |
| પરીક્ષામાં મેળવેલા ગુણ | 65 | 75 | 68 | 70 | 72 | 79 | 75 |

આ માહિતી પરથી છેલ્લા ત્રણ દિવસમાં વાચનના કલાકો અને પરીક્ષામાં મેળવેલા ગુણ વચ્ચે સહસંબંધાંક શોધો અને તેનું અર્થઘટન કરો.

58. વિદ્યાર્થીઓની અર્થશાસ્ત્ર વિષયની સમજ અને તેમની નૃત્ય કલા વચ્ચેનો સંબંધ જાણવા માટે આઠ વિદ્યાર્થીઓનો નિદર્શ લઈ તેમની કસોટી કરવામાં આવે છે અને તેમને મળતાં ગુણ નીચે મુજબ છે. આ માહિતી પરથી બંને વિષયોના ગુણ વચ્ચે ક્રમાંક સહસંબંધાંકની ગણતરી કરો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અર્થશાસ્ત્રમાં ગુણ | 60 | 30 | 10 | 20 | 30 | 50 | 30 | 40 |
| નૃત્યકલામાં ગુણ | 80 | 20 | 60 | 40 | 12 | 28 | 20 | 15 |

59. કોઈ વસ્તુની માંગ અને તેના ભાવ વિશે એકઠી કરેલી નીચેની માહિતી પરથી માંગની ભાવ પરની નિયતસંબંધ રેખા મેળવો. જો એ વસ્તુનો ભાવ ₹ 40 હોય તો તેની માંગ કેટલી હશે તેનો અંદાજ મેળવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાવ (₹) | 38 | 36 | 37 | 37 | 36 | 38 | 39 | 36 | 38 |
| માંગ (સો એકમો) | 12 | 18 | 15 | 12 | 17 | 13 | 13 | 15 | 12 |

60. એક જિલ્લાની પ્રાથમિક શાળાઓમાંથી ધોરણ 1 થી 5 ના વિદ્યાર્થીઓ પૈકી અભ્યાસ છોડનાર વિદ્યાર્થીઓના દર (dropout rate) નીચે પ્રમાણે છે.

| વર્ષ | 2009-10 | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 |
|---|---|---|---|---|---|---|---|
| અભ્યાસ છોડનાર વિદ્યાર્થીઓનો દર | 3.24 | 2.98 | 2.29 | 2.20 | 2.09 | 2.07 | 2.04 |

વલણ માટે સુરેખ સમીકરણનું અન્વાયોજન કરીને વર્ષ 2016-17 તેમજ 2017-18નાં વર્ષોમાં ધોરણ 1 થી 5ના વિદ્યાર્થીઓમાં અભ્યાસ છોડનાર વિદ્યાર્થીઓના દરનું અનુમાન મેળવો.

61. એક દુકાનના માસિક વેચાણ (લાખ ₹ માં)ની નીચેની માહિતી માટે ચાર માસના ચલિત સરેરાશો વડે વલણ શોધો.

| ભાવ | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વેચાણ (લાખ ₹) | 5 | 3 | 7 | 6 | 4 | 8 | 9 | 10 | 8 | 9 |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

# ધોરણ-12 વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | **પ્રશ્નપત્રનું પરિરૂપ** | કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 34 | 51 | 10 | 05 | 100 |
| ટકા (%) | 34 % | 51 % | 10 % | 05 % | 100 % |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 13 | 17 | 26 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 08 | 12 | 24 |
| 5. | લાંબા પ્રશ્નો LA) | 04 | 06 | 20 |
| | કુલ | 55 | 65 | 100 |

### પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | સંચાલનનું સ્વરૂપ અને મહત્ત્વ | 10 | 15 |
| 2. | સંચાલનના સિદ્ધાંતો | 06 | 06 |
| 3. | આયોજન | 07 | 12 |
| 4. | વ્યવસ્થાતંત્ર | 10 | 10 |
| 5. | કર્મચારી વ્યવસ્થા | 10 | 15 |
| 6. | દોરવણી | 10 | 15 |
| 7. | અંકુશ | 06 | 08 |
| 8. | નાણાકીય સંચાલન | 08 | 08 |
| 9. | નાણાકીય બજાર | 08 | 08 |
| 10. | બજારપ્રક્રિયા સંચાલન | 09 | 12 |
| 11. | ગ્રાહક સુરક્ષા | 08 | 13 |
| 12. | ધંધાકીય પર્યાવરણ | 08 | 08 |
| | કુલ ગુણ | 100 | 130 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

# ધોરણ-12 વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક

## પ્રશ્નપત્રનું માળખું

કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A** | |
| 1 થી 20 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ ચાર વિકલ્પો (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| | **વિભાગ - B** | |
| 21 થી 30 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 10 |
| | **વિભાગ - C** | |
| 31 થી 47 | નીચે આપેલા 31 થી 47 સુધીના કુલ 17 પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ) | 26 |
| | **વિભાગ - D** | |
| 48 થી 59 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેકના 3 ગુણ) | 24 |
| | **વિભાગ - E** | |
| 60 થી 65 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 સુધીના 06 પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. (દરેકના 5 ગુણ) | 20 |
| | કુલ | 100 |

નોંધ : પ્રશ્નપત્રમાં જે વિભાગમાં આકૃતિ/ચિત્ર/આલેખ આધારિત પ્રશ્નો હોય તો ત્યાં જે તે પ્રશ્નના વિકલ્પમાં બે વિકલ્પ : વિકલ્પ(A) સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને વિકલ્પ (B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થી માટેનો પ્રશ્ન છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12 વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | નમૂનાનું પ્રશ્નપત્ર | ગુણ : 100

સૂચનાઓ :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગ છે.

(2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.

(4) નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

(5) પ્રશ્નોમાં જનરલ વિકલ્પો આપેલા છે. પરંતુ આકૃતિ/આલેખ/ચિત્ર આધારિત પ્રશ્નોમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જે તે પ્રશ્નમાં આપવામાં આવેલ આંતરિક વિકલ્પ તરીકે આપેલ પ્રશ્ન ધ્યાનમાં લેવા.

(6) આ પ્રશ્નપત્રમાં પ્રશ્ન ક્રમાંક 31(B) અને 56(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.

## વિભાગ - A

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ ચાર વિકલ્પ (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [20]

1. સંચાલનની સપાટીઓ કેટલી છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

2. સંચાલનના કાર્ય વિસ્તારો કેટલા છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) સાત

3. ડૉક્ટરના વ્યવસાય માટે ........... ની પદવી મેળવવી પડે છે.

(A) LL.B (B) M.B.A

(C) M.Com (D) M.B.B.S.

4. નવપ્રશિષ્ટ વિચારધારાના પ્રણેતા કોણ હતા ?

(A) હર્ઝબર્ગ (B) હેનરી ફેયોલ

(C) ફ્રેડરીક ટેલર (D) એલ્ટન મેયો

5. આયોજનની વિધિનો પ્રથમ તબક્કો જણાવો.

(A) હેતુ નિર્ધારણ (B) આધાર સ્પષ્ટ કરવા

(C) વૈકલ્પિક યોજના ઘડવી (D) ગૌણ યોજના ઘડવી

6. નીચેનામાંથી આયોજનનું ઘટક જણાવો.

(A) સતત પ્રક્રિયા (B) અંકુશ

(C) દોરવણી (D) નિયમો

7. ભરતી પછીનું બીજું કાર્ય કયું છે ?

(A) બઢતી આપવી (B) પસંદગી કરવી

(C) તાલીમ આપવી (D) બદલી કરવી

8. અબ્રાહમ માસ્લોએ જરૂરિયાતનો અગ્રતાક્રમનો સિદ્ધાંત કઈ સાલમાં રજૂ કર્યો હતો ?

(A) 1917 (B) 1932

(C) 1943 (D) 1953

9. સંચાલનનું કયું કાર્ય અંકુશના જન્મદાતા તરીકે ઓળખાય છે ?

(A) વ્યવસ્થાતંત્ર (B) કર્મચારી વ્યવસ્થા

(C) દોરવણી (D) આયોજન

10. એક નિષ્ણાતે આયોજન અને અંકુશને કોની સાથે સરખાવેલ છે ?

(A) શિક્ષક અને વિદ્યાર્થી (B) માતા અને પિતા

(C) કાકા અને કાકી (D) જોડિયાં બાળકો

11. મૂડી માળખાનાં કેટલા પ્રકારો છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

12. વિદેશી રોકાણ સંસ્થાએ તેની નોંધણી કોની સમક્ષ કરાવવી પડે છે ?

(A) કંપની રજિસ્ટ્રાર (B) અદાલત

(C) શેરબજાર (D) સેબી

13. ટ્રેઝરી બિલ ભારત સરકાર વતી કોણ બહાર પાડે છે ?

(A) સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (B) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા

(C) સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા (D) નાણાકીય સંસ્થાઓ

14. ડિપોઝીટરી ધારો કયા વર્ષે અમલમાં આવ્યો ?

(A) 1991 (B) 1992

(C) 1995 (D) 1996

15. માર્કેટિંગ મિશ્રમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) કિંમત (B) પેદાશ

(C) વિતરણ (D) પેકિંગ

16. ઉત્પાદક → ગ્રાહક આ કયા પ્રકારની વિતરણ વ્યવસ્થા છે ?

(A) શૂન્ય સપાટીવાળી (B) એક સપાટીવાળી

(C) બે સપાટીવાળી (D) ત્રણ સપાટીવાળી

17. જાહેર હિતની અરજી કઈ કોર્ટમાં થઈ શકે ?

(A) ફોજદારી કોર્ટ (B) દિવાની કોર્ટ

(C) જિલ્લા કોર્ટ (D) સુપ્રીમ કોર્ટ

18. ગ્રાહક સુરક્ષાનો કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1956 (B) 1932

(C) 1986 (D) 2015

19. વિદેશી હૂંડિયામણ માટે ભારતમાં હાલ કયો કાયદો અસ્તિત્વમાં છે ?

(A) FERA (B) FECA

(C) FESA (D) FEMA

20. ભારતીય ચલણ રૂપિયાને કઈ સંજ્ઞા આપવામાં આવી છે ?

(A) TR (B) Rs.

(C) ₹ (D) R

## વિભાગ - B

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો : (દરેકનો 1 ગુણ) [10]

21. LLM.નું વિસ્તૃત રૂપ લખો.

22. મધ્ય સપાટી સંચાલન બીજા કયા નામથી ઓળખાય છે ?

23. અંદાજપત્રના કોઈપણ બે પ્રકાર જણાવો.

24. અંકુશનું કાર્ય સંચાલનની કઈ સપાટીએ થાય છે ?

25. કાયમી મૂડીના કોઈપણ બે ઘટકો જણાવો.

26. ભારતમાં શેર બજારોનું નિયમન કોના દ્વારા થાય છે ?

27. માર્કેટિંગના કાર્યોમાં પ્રથમ કાર્ય કયું છે ?

28. બજારીય વિભાવનામાં કોણ કેન્દ્ર સ્થાને હોય છે ?

29. ગ્રાહકે ખરીદી કરી છે તેના પુરાવા રૂપે શું રજૂ કરવું ફરજીયાત છે ?

30. ધંધાકીય પર્યાવરણના પરિબળોને મુખ્યત્વે કેટલા ભાગમાં વહેંચ્યા છે ?

## વિભાગ - C

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 47 સુધીના 17 પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ) [26]

31(A) માત્ર સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સંચાલનની વિવિધ સપાટીઓની આકૃતિ દોરો.

31(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

સંચાલનની વિવિધ સપાટીઓમાં કોનો સમાવેશ થાય છે ?

32. સંચાલનથી સમાજને કયા લાભ મળે છે ?
33. 'Rule of Thumb' કોને કહે છે ?
34. વ્યૂહરચના શા માટે જરૂરી છે ?
35. આયોજન ખર્ચાળ છે ? શા માટે ?
36. 'વ્યવસ્થાતંત્ર એ એકમનું શરીર છે અને આયોજન તેનું મગજ છે' – સમજાવો.
37. સત્તા અને જવાબદારીઓનું વિભાજન એ વ્યવસ્થાતંત્રનો પાયો છે. – સમજાવો.
38. ભરતી અને પસંદગી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.
39. બૌદ્ધિક કસોટી અને અભિરૂચી કસોટી દ્વારા શું જાણી શકાય ?
40. દોરવણીનાં તત્ત્વોની યાદી આપો.
41. માહિતી સંચારની પદ્ધતિઓમાં દશ્ય-શ્રાવ્ય સાધનોના નામ આપો.
42. અંકુશ એ ગતિશીલ પ્રક્રિયા છે - કેવી રીતે ?
43. ઉત્પાદન ચક્ર એટલે શું ?
44. કોલ મની અને નોટિસ મની વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે ?
45. બ્રાન્ડિંગની કોઈપણ બે લાક્ષણિકતાઓ સમજાવો.
46. ગ્રાહક શોષણ વિશે સમજૂતી આપો.
47. માથાદીઠ આવકમાં ક્યારે વધારો થઈ શકે ?

## વિભાગ - D

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેકના 3 ગુણ) [24]

48. સંકલનનું મહત્ત્વ સમજાવો.
49. માર્કેટિંગ સંચાલનનાં કાર્યો સમજાવો.
50. હેનરી ફેયોલે ઔદ્યોગિક સાહસની વહીવટી પ્રવૃત્તિઓને કયા છ ભાગમાં વહેંચી છે. સ્પષ્ટતા કરો.
51. અવૈધિક વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતાઓ સમજાવો.
52. સત્તા સોંપણીનાં મૂળતત્વો વિશે સમજાવો.
53. કાયમી મૂડી અને કાર્યશીલ મૂડીનો તફાવત આપો.
54. 'આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે.' – સમજાવો.
55. શેર બજારનાં કોઈપણ છ કાર્યોની સમજ આપો.

56(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

બજાર પ્રક્રિયાની આકૃતિ દોરો.

56(B). માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

માર્કેટિંગ એ ગ્રાહકો અને પેઢીઓ વચ્ચે થતો પારસ્પરિક વિનિમય છે. – સમજાવો.

57. જાહેરાતનાં કાર્યો (ભૂમિકા) સમજાવો.

58. ધંધાના દૃષ્ટિકોણથી ગ્રાહક સુરક્ષાના મહત્ત્વ વિશે સમજાવો.

59. WTO અને GATTનું વિસ્તૃત રૂપ આપો.

## વિભાગ - E

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (દરેકના 5 ગુણ) [20]

60. આયોજનની પ્રક્રિયા સમજાવો.

61. ભરતીનાં આંતરિક પ્રાપ્તિ સ્થાનો સમજાવો.

62. તાલીમ અને વિકાસ વચ્ચેનો તફાવત સમજાવો.

63. માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ ઉદાહરણ સહિત સમજાવો.

64. નાણાકીય પ્રોત્સાહનો ઉદાહરણસહિત સમજાવો.

65. ગ્રાહકોની જવાબદારીઓ વર્ણવો.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12 મનોવિજ્ઞાન (141) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 35 | 30 | 25 | 10 | 100 |
| ટકા (%) | 35% | 30% | 25% | 10% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નના પ્રકાર | વિકલ્પ વિના પ્રશ્નોની સંખ્યા | વિકલ્પ સાથે પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંક પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 10 | 14 | 30 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 04 | 06 | 20 |
| | કુલ | 54 | 64 | 100 |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | સંવેદન ધ્યાન અને પ્રત્યક્ષીકરણ | 13 | 20 |
| 2. | શીખવાની ક્રિયા | 13 | 18 |
| 3. | બુદ્ધિ | 13 | 16 |
| 4. | મનોવલણ અને પૂર્વગ્રહ | 11 | 13 |
| 5. | મનોભાર અને સ્વાસ્થ્ય | 08 | 11 |
| 6. | મનોવિકૃતિઓ | 05 | 07 |
| 7. | સલાહ અને મનોપચાર | 08 | 13 |
| 8. | પર્યાવરણ અને વર્તન | 13 | 16 |
| 9. | સંસ્થાકીય મનોવિજ્ઞાન | 08 | 08 |
| 10. | વિધાયક મનોવિજ્ઞાન | 08 | 08 |
| | કુલ ગુણ | 100 | 130 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### શૈક્ષણિક વર્ષ - 2025-26

### ધોરણ-12 મનોવિજ્ઞાન (141) (સામાન્ય પ્રવાહ)

### વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 20 | વિભાગ - A<br>નીચેના પ્રત્યેક પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| 21 થી 30 | વિભાગ - B<br>નીચેના પ્રશ્નોના એક કે બે શબ્દોમાં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 10 |
| 31 થી 44 | વિભાગ - C<br>નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) | 20 |
| 45 થી 58 | વિભાગ - D<br>નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ) | 30 |
| 59 થી 64 | વિભાગ - E<br>નીચે આપેલા 06 પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ) | 20 |
| | કુલ ગુણ | 100 |

નોંધ : કોઈ પણ વિભાગમાં આકૃતિ/ચિત્રનો પ્રશ્ન પૂછ્યો હોય તો તે પ્રશ્નમાં બે વિકલ્પ આપવા. જેમાં વિકલ્પ-'A' સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને વિકલ્પ-'B' માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ 2025-26

ધોરણ-12 મનોવિજ્ઞાન (141) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — નમૂનાનું પ્રશ્નપત્ર — ગુણ : 100

સૂચનાઓ :

- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.
- આ પ્રશ્નપત્રમાં કુલ 64 પ્રશ્નો આપેલા છે.
- દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નનો ક્રમ 59(B) છે.

## વિભાગ - A

- નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [20]

1. 'ધ્યાનની જનની' તરીકે કોને ઓળખવામાં આવે છે ?
   (A) શિક્ષણ (B) જરૂરિયાત
   (C) ટેવ (D) રસ
2. ત્વચા દ્વારા કેટલા પ્રકારના સંવેદનોનો અનુભવ થાય છે ?
   (A) ત્રણ (B) નવ
   (C) ચાર (D) બે
3. માનસિક વય ગણતી વખતે કસોટીનાં દરેક સાચા ઉત્તર દીઠ કેટલા માસની માનસિક વય ગણવામાં આવે છે ?
   (A) બે (B) છ
   (C) ત્રણ (D) ચાર
4. પ્રતિભાસંપન્ન બાળકનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?
   (A) 130થી વધુ (B) 70થી ઓછો
   (C) 80 થી 89 (D) 110 થી 119
5. મનોવલણો જન્મજાત નહીં પરંતુ કેવા હોય છે ?
   (A) અપેક્ષિત (B) સંપાદિત
   (C) અનિવાર્ય (D) કાયમી
6. માનવીના મનમાં રૂઢ થયેલા ખોટા ખ્યાલોને શું કહે છે ?
   (A) મનોવલણ (B) પૂર્વગ્રહ
   (C) અભિસંધાન (D) મનોભાર
7. એક ઉદ્દીપકને મળતા આવતા બીજા ઉદ્દીપકને શું સમજવું ?
   (A) ઉદ્દીપક જોડાણ (B) ઉદ્દીપક સામાન્યીકરણ
   (C) વિલોપન (D) ઉદ્દીપક ભેદબોધન

8. થોર્નડાઈકના બિલાડી પરના પ્રયોગમાં બિલાડીને કેટલા પ્રયત્ને શિક્ષણ મળ્યું હતું ?

(A) 6 (B) 4

(C) 13 (D) 24

9. માનવજાતને ભારતની અપ્રતિમ ભેટ કઈ છે ?

(A) ધ્યાન અને યોગ (B) સંગીત અને નૃત્ય

(C) અભિનય (D) વ્યાયામ

10. આંતરિક સહજ પ્રતિક્રિયા કઈ છે ?

(A) હસવું (B) રડવું

(C) દોડવું (D) ચાલવું

11. હિમશિલાનું ઉદાહરણ કયા ખ્યાલ સાથે સંબંધિત છે ?

(A) મનોજાતીય અવસ્થા (B) સ્વપ્નાવસ્થા

(C) બચાવપ્રયુક્તિ (D) ચેતન-અચેતન મન

12. આંતરરાષ્ટ્રીય સ્તરે માનસિક લક્ષણોનું વર્ગીકરણ કઈ સંસ્થા દ્વારા દર્શાવવામાં આવે છે ?

(A) WHO (B) UNIS

(C) APA (D) UNO

13. સલાહ પ્રક્રિયાના સોપાનો કયા મનોવૈજ્ઞાનિકે દર્શાવ્યા છે ?

(A) બ્રોમેર અને શોસ્ટ્રોમ (B) થોર્નડાઈક

(C) ફ્રોઈડ (D) વોટ્સન

14. મહર્ષિ મહેશ યોગી દ્વારા કયા ધ્યાનનો પ્રસાર થયો છે ?

(A) વિપશ્યના (B) ભાવાતીત

(C) માઈન્ડફુલ (D) લેશ્યા ધ્યાન

15. સંઘની ભાવના શેમાં વધારે જોવા મળે છે ?

(A) ભીડમાં (B) ગીચતામાં

(C) ટોળામાં (D) સમૂહમાં

16. રેફ્રિજરેટરમાં કયા વાયુનો ઉપયોગ થાય છે ?

(A) CFC (B) CNG

(C) $CO_2$ (D) Na

17. બે અથવા બે થી વધુ વ્યક્તિઓ વચ્ચેની મોઢા-મોઢની વાતચીત એટલે શું ?

(A) નિરીક્ષણ (B) પ્રશ્નાવલી

(C) મુલાકાત (D) અરજીપત્રક

18. જે સાધન દ્વારા વિજ્ઞાપનનો ફેલાવો થાય તેને વિજ્ઞાપનનું શું કહેવાય ?

(A) માધ્યમ (B) બજાર

(C) વસ્તુ (D) ગ્રાહક

19. મનોવિજ્ઞાનની એક શાખાને 'વિધાયક મનોવિજ્ઞાન' એવું નામ કોણે આપ્યું ?

(A) મેસ્લો (B) રોજર્સ

(C) પીટરસન (D) માર્ટીન સેલિગમેન

20. બિન શાબ્દિક સંકેતોને પારખવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?

(A) સ્ત્રીઓ (B) પુરુષો

(C) બંને (D) કોઈ નહીં

## વિભાગ - B

- નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના એક કે બે શબ્દોમાં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [10]

21. સંવેદનના પ્રકારો કેટલા છે ?
22. પ્રયત્ન અને ભૂલનો પ્રયોગ કોણે કોની પર કર્યો હતો ?
23. બુદ્ધિ આંકનું સૂત્ર જણાવો.
24. મનોવલણને અસર કરતાં કોઈપણ બે ઘટકો જણાવો.
25. કોઈપણ બે ભૌતિક સંસાધનો જણાવો.
26. મનોજાતીય વિકાસની અવસ્થાઓ કયા મનોવૈજ્ઞાનિકે દર્શાવી છે ?
27. સલાહમાં ઓછામાં ઓછા કેટલા માણસો પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે ?
28. પર્યાવરણ અંગેનું પ્રતિમાન કોણે દર્શાવ્યું છે ?
29. સરળ સંરચનાને બીજા કયા નામથી ઓળખાય છે ?
30. 'Positive Psychology' શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો ?

## વિભાગ - C

- નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 2 ગુણ) [20]

31. સંવેદન એટલે શું ?
32. ધ્યાન વિચલન એટલે શું ?
33. વિધાયક પ્રબલન એટલે શું ?
34. બુદ્ધિનો શાબ્દિક અર્થ જણાવો.
35. સમૂહ માધ્યમ એટલે શું ?
36. પૂર્વગ્રહો સંપાદિત છે. સમજાવો.
37. સંઘર્ષના પ્રકારો જણાવો.
38. ખુલ્લી જગ્યાના ભયમાં દર્શાવેલ પાંચ પરિસ્થિતિઓ કઈ કઈ છે ?
39. અંતઃસ્ત્રાવી ગ્રંથિની અસમતુલામાંથી ઉદ્દ્ભવતી વર્તન વિકૃતિઓ જણાવો.
40. પરણેલા લોકો કોનાથી વધુ સુખી હોય છે ?
41. સલાહની કોઈ એક વ્યાખ્યા આપો.
42. યોગનાં આઠ અંગોના નામ આપો.

43. ગંદકી કેવી રીતે ફેલાય છે ? તે સમજાવો.

44. સંસ્થાની વ્યાખ્યા જણાવો.

## વિભાગ - D

- નીચે આપેલા 14 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ) [30]

45. સ્વાદ સંવેદનનાં વિવિધ કેન્દ્રોની સમજૂતી આપો.

46. કોહલરે શિમ્પાન્ઝી પર કરેલ ખોખાવાળો પ્રયોગ વર્ણવો.

47. પ્રતિભાસંપન્ન વ્યક્તિને ઓળખવાની માહિતી મેળવવા કઈ પદ્ધતિઓ પ્રચલિત છે ?

48. માનસિક વય કઈ રીતે ગણવામાં આવે છે ?

49. મનોવલણો જૂથ વ્યાપી હોય છે. સમજાવો.

50. પૂર્વગ્રહ ઘટાડવામાં સંચાર માધ્યમનું મહત્ત્વ સમજાવો.

51. મનોભારના ઉદ્‌ગમ સ્થાનો તરીકે રોજિંદી મુશ્કેલીઓ સમજાવો.

52. માનસિક સ્વાસ્થ્યનું સ્વરૂપ સમજાવો.

53. મનોપચારમાં આરંભનો તબક્કો એટલે શું ? સમજાવો.

54. પ્રાણાયામ વિશે નોંધ લખો.

55. માનવવર્તન પર ઘોંઘાટ અને હવા પ્રદૂષણની અસરો વર્ણવો.

56. પુનઃ ઉપયોગ અને ઊર્જા સંરક્ષણની સમજૂતી આપો.

57. વ્યવસ્થાપકોના મૂળભૂત કાર્યો જણાવી કોઈપણ બેની સમજૂતી આપો.

58. લગ્ન અને સુખ વિશે ટૂંકમાં સમજાવો.

## વિભાગ - E

- નીચે આપેલા 06 પ્રશ્નોથી કોઈપણ 04 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ) [20]

59(A). આ પ્રશ્ન ફક્ત સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે.

પ્રત્યક્ષીકરણમાં સંગઠનના નિયમો સમજાવો.

59(B). આ પ્રશ્ન ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે.

પ્રત્યક્ષીકરણની વ્યાખ્યા આપી તેની પ્રક્રિયા સવિસ્તાર સમજાવો.

60. ધ્યાનના વ્યક્તિલક્ષી નિર્ધારકો ઉદાહરણ સહિત સમજાવો.

61. સી.ટી.મોર્ગને દર્શાવેલી શિક્ષણની વ્યાખ્યા આપી તેને વિસ્તારથી સમજાવો.

62. પાવલોવે કરેલો શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ વર્ણવો.

63. ગાર્ડનરનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત જણાવી કોઈપણ પાંચની સમજૂતી આપો.

64. પર્યાવરણને બચાવવાના વાર્તનિક ઉપાયો સમજાવો.

---

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12 ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 40 | 30 | 20 | 10 | 100 |
| ટકા (%) | 40 % | 30 % | 20 % | 10 % | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નના પ્રકાર | વિકલ્પ વિના પ્રશ્નોની સંખ્યા | વિકલ્પ સાથે પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 08 | 12 | 16 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 08 | 12 | 24 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 06 | 08 | 30 |
| | કુલ | 52 | 62 | 100 |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | માનવ ભૂગોળ પરિચય | 05 | 05 |
| 2. | માનવ વસ્તી | 08 + 01 નકશો | 09 |
| 3. | માનવીની પ્રાથમિક અને દ્વિતીયક પ્રવૃત્તિઓ | 07 | 12 |
| 4. | માનવીની તૃતીયક, ચતુર્થક અને પંચમ પ્રવૃત્તિઓ | 07 | 07 |
| 5. | પરિવહન | 10 + 01 નકશો | 19 |
| 6. | દૂરસંચાર | 07 | 09 |
| 7. | વ્યાપાર | 07 + 01 નકશો | 08 |
| 8. | માનવ વસાહતો | 09 + 01 નકશો | 12 |
| 9. | કુદરતી સંસાધનો | 07 + 01 નકશો | 13 |
| 10. | વૈશ્વિક સમસ્યાઓ : ભૌગોલિક પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં | 08 | 11 |
| 11. | માહિતી સ્ત્રોત અને તેનું સંકલન | 08 | 10 |
| 12. | આંકડાકીય માહિતીનું આલેખન | 07 | 10 |
| 13. | માહિતી વિશ્લેષણ અને નકશા નિર્માણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ | 05 | 05 |
| | કુલ ગુણ | 100 | 130 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
શૈક્ષણિક વર્ષ - 2025-26
ધોરણ-12 ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)
વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 20 | **વિભાગ - A**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા 4 (ચાર) વિકલ્પ (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| 21 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 10 |
| 31 થી 42 | **વિભાગ - C**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 42 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) | 16 |
| 43 થી 54 | **વિભાગ - D**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 43 થી 54 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) | 24 |
| 55 થી 62 | **વિભાગ - E**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 55 થી 61 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના ઉત્તર લખો. તેમજ 62મો પ્રશ્ન નકશાપૂર્તિનો છે, જે ફરજિયાત છે. (દરેકના 5 ગુણ) | 30 |
| | કુલ ગુણ | 100 |

નોંધ : કોઈ પણ વિભાગમાં આકૃતિ/ગ્રાફ/આલેખ/ચિત્રનો પ્રશ્ન પૂછ્યો હોય તો તે પ્રશ્નમાં બે વિકલ્પ, 'વિકલ્પ-A' સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને 'વિકલ્પ-B' ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેનો પ્રશ્ન તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરીને જ પ્રશ્ન પૂછવાનો રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2025-26

## ધોરણ-12 ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | નમૂનાનું પ્રશ્નપત્ર | ગુણ : 100

સૂચનાઓ :

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 62 પ્રશ્નો છે.
- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
- વિભાગ-Dમાં પ્રશ્નક્રમાંક 53(B) અને વિભાગ-Eમાં પ્રશ્નક્રમાંક 62(B) ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે.

## વિભાગ - A

- નીચે આપેલા 1 થી 20 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ) [20]

1. નીચેનામાંથી કયું તત્ત્વ પ્રાકૃતિક પર્યાવરણ નથી ?
(A) નદીઓ (B) મેદાન
(C) પરિવહન (D) જંગલો

2. વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ ભારતનો ક્રમ કયો છે ?
(A) પહેલો (B) બીજો
(C) ત્રીજો (D) ચોથો

3. કેનેડાના ઉત્તર ભાગમાં વસતા લોકો કયા નામે ઓળખાય છે ?
(A) પિગ્મી (B) બુશમેન
(C) એસ્કિમો (D) બ્લેક-ફેલોઝ

4. સંદેશાવ્યવહારને ખૂબ સરળ બનાવનાર ..............
(A) ઇન્ટરનેટ (B) કમ્પ્યૂટર
(C) દૂરદર્શન (D) રેડિયો

5. ભારતમાં સૌપ્રથમ રેલવેની શરૂઆત કયા વર્ષમાં થઈ ?
(A) 1950 (B) 1853
(C) 1801 (D) 1958

6. વિશ્વમાં સૌથી મોટી ઈલેક્ટ્રોનિક્સ પ્રણાલી કઈ છે ?
(A) ફેક્સ (B) ઇ-મેઈલ
(C) ફિલ્મ (D) ઇન્ટરનેટ

7. સાર્કનું વડુંમથક કયા શહેરમાં છે ?
(A) દિલ્લી (B) કાઠમંડુ
(C) કોલંબો (D) વિયેના

8. વિક્ટોરિયા સરોવર કયા ખંડમાં આવેલું છે ?

(A) યુરોપ (B) એશિયા

(C) અમેરિકા (D) આફ્રિકા

9. નીચેનામાંથી કયું શહેર શૈક્ષણિક કેન્દ્ર છે ?

(A) જમશેદપુર (B) વલ્લભ વિદ્યાનગર

(C) કાનપુર (D) મોદીનગર

10. સિગ્મા દર્શાવવા કઈ સંજ્ઞા વપરાય છે ?

(A) $\Sigma$ (B) x

(C) M (D) $\bar{x}$

11. વર્તુળના ખૂણાના કુલ કેટલા અંશ છે ?

(A) 180° (B) 90°

(C) 360° (D) 0°

12. એક જ પરિમાણ ધરાવતો આલેખ કયો છે ?

(A) રેખા આલેખ (B) સાદો સ્તંભ આલેખ

(C) પાઈ ડાયાગ્રામ (D) વર્તુળ આલેખ

13. GPS પ્રણાલી વિકસાવનાર દેશ કયો છે ?

(A) યુ.એસ.એસ.આર. (B) યુ.એસ.એ.

(C) આફ્રિકા (D) જર્મની

14. GIS ના પિતા તરીકે જાણીતા કોણ છે ?

(A) રોઝર ટોમલિનસન (B) સ્ટ્રોબો

(C) કુ. એલન સેમ્પલ (D) કાન્ટ

15. ભીંત-નકશા મુદ્રિત કરવા ઉપયોગી હાર્ડવેર શું છે ?

(A) સ્કેનર (B) ડિજિટાઈઝર

(C) પ્લોટર (D) માઉસ

16. ચીન અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના મધ્યમાંથી પસાર થતો જૂનો માર્ગ ..............

(A) ગ્રાન્ટ રોડ (B) સમજોતા માર્ગ

(C) રેશમ માર્ગ (D) મહામાર્ગ

17. ટેમ્સ નદી પરનું નદી બંદર કયું છે ?

(A) લંડન (B) હેમ્બર્ગ

(C) ટોલેડો (D) ટોરેન્ટો

18. ભારતમાં 'સર્વે ઓફ ઇન્ડિયા'ની કચેરી ક્યાં છે ?

(A) કોલકતા (B) દિલ્લી

(C) દહેરાદૂન (D) પૂણે

19. આલેખ એ ઘણું મહત્ત્વનું ............. સ્વરૂપ છે.

(A) ગુણાત્મક (B) ચિત્રાત્મક

(C) સંખ્યાત્મક (D) અન્ય

20. G.P.S. પ્રણાલીમાં પૃથ્વી ફરતે કુલ કાર્યશીલ ઉપગ્રહોની સંખ્યા કેટલી છે ?

(A) 20 (B) 100

(C) 58 (D) 24

## વિભાગ - B

● નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોનાં ઉત્તર એક કે બે વાક્યમાં આપો. (દરેકનો 1 ગુણ) [10]

21. 'સંભવવાદ' શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કરનાર કોણ હતા ?

22. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કયા ખંડમાં થઈ ?

23. સમૂહ માધ્યમો કયા કયા છે ?

24. પરિવહનની વ્યાખ્યા આપો.

25. ભારતનો પ્રથમ ઉપગ્રહ કયો હતો ?

26. વ્યાપાર એટલે શું ?

27. વસાહતના બે મુખ્ય પ્રકારો કયા છે ?

28. 'નાટમો' સંસ્થા ક્યાં આવેલી છે ?

29. કયા પ્રકારના આલેખની પ્રસિદ્ધી સૌથી વધુ વપરાય છે ?

30. કમ્પ્યૂટર હાર્ડવેર એટલે શું ?

## વિભાગ - C

● નીચે આપેલા 31 થી 42 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) [16]

31. વસ્તીના માળખામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

32. દ્વિતીયક પ્રવૃત્તિનાં લક્ષણો આપો.

33. ગૃહઉદ્યોગ એટલે શું ? તેમાં કઈ ચીજો તૈયાર થાય છે ?

34. તૃતીયક પ્રવૃત્તિ ઉદાહરણ આપી સમજાવો.

35. વ્યક્તિગત સંચારતંત્રના સાધનો જણાવો.

36. સંચાર એટલે શું ? વ્યક્તિગત સંચારતંત્રના સાધનો લખો.

37. ભારતનો આંતરિક વ્યાપાર એટલે શું ?

38. ભારતમાં શહેરી વસાહત માટેના માપદંડ કયા કયા છે ?

39. વહીવટી કેન્દ્ર એટલે શું ? તેના ઉદાહરણ લખો.

40. વ્યાપારિક ધોરણે ડેરી ઉદ્યોગનો વિકાસ સમજાવો.

41. સારણીકરણ વિશે માહિતી આપો.

42. નીચે આપેલી માહિતીનો મધ્યક શોધો.

85, 80, 50, 40, 25

## વિભાગ - D

- નીચે આપેલા 43 થી 54 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોનાં ઉત્તર મુદ્દાસર આપો. (દરેકના 3 ગુણ) [24]

43. નિશ્ચયવાદ અને સંભવવાદનો તફાવત સમજાવો.

44. વ્યાપારિક પશુપાલન વિશે ટૂંકનોંધ લખો.

45. મોટા પાયાના ઉદ્યોગો વિશે ટૂંકનોંધ લખો.

46. ઉચ્ચસ્તરીય સેવાઓ જણાવો.

47. સુએઝ નહેર વિશે ટૂંકનોંધ લખો.

48. પાઈપલાઈનના લાભ જણાવો.

49. ફિલ્મ ઉદ્યોગ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

50. ગરીબીનો અર્થ સમજાવો. તેને દૂર કરવાના ઉપાયો જણાવો.

51. પ્રદૂષણ અટકાવવાના ઉપાયો જણાવો.

52. નીચે આપેલી આંકડાકીય માહિતીનો મધ્યસ્થ શોધો.

18, 32, 12, 14, 27, 45, 43

53(A). આ પ્રશ્ન સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે.

નીચે આપેલ માહિતીને આધારે વર્તુળ આલેખની રચના કરો.

| કૃષિપાક | ઘઉં | કપાસ | જુવાર | મગફળી | મગ |
|---|---|---|---|---|---|
| ઉત્પાદન ટનમાં | 40 | 35 | 10 | 08 | 07 |

53(B). આ પ્રશ્ન ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.

ખનીજોનું વર્ગીકરણ કરો.

54. પ્રવાહ આલેખની લાક્ષણિકતાઓ જણાવો.

## વિભાગ - E

- નીચે આપેલા 55 થી 61 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (દરેકના 5 ગુણ) (નકશાપૂર્તિનો પ્રશ્ન નંબર-62(A) ફરજિયાત છે) [30]

55. વસ્તીગીચતા પર અસર કરતાં ભૌગોલિક પરિબળો ચર્ચો.

56. પરિવહનનો અર્થ સમજાવી વિશ્વના મુખ્ય સડકમાર્ગ વિશે જણાવો.

57. ભારતના મુખ્ય આંતરિક જળમાર્ગોની માહિતી આપો.

58. ગ્રામીણ માનવ વસાહત પ્રણાલી વિશે સવિસ્તાર લખો.

59. 'જળ પ્રદૂષણ' સમજાવી તેને નિવારવાના ઉપાયો જણાવો.

60. માનવ સંસાધન વિશે વિગતે જણાવો.

61. પ્રદૂષણ એટલે શું ? પ્રદૂષણના પ્રકારો જણાવો.

62(A). આ નકશાપૂર્તિનો પ્રશ્ન સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે.

તમને આપવામાં આવેલ ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો :

(i) વધુ વસ્તી ધરાવતું રાજ્ય

(ii) રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 5 - કોલકતાથી ચેન્નઈ, એક અટક સ્થાન

(iii) એક ફેરબદલી બંદર

(iv) એક વહીવટી કેન્દ્ર

(v) ભારતની સૌથી મોટી નદી

62(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ નીચેના પ્રશ્નોના ઉત્તર લખવાના રહેશે.

(i) ભારતમાં વધુ વસ્તી ધરાવતું રાજ્ય કયું છે ?

(ii) રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 5 કયા શહેરમાંથી પસાર થાય છે ?

(iii) એક ફેરબદલી બંદર કયું છે ?

(iv) એક વહીવટી કેન્દ્રનું નામ લખો.

(v) ભારતની સૌથી મોટી નદી કઈ છે ?

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 તત્ત્વજ્ઞાન (136) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — **પ્રશ્નપત્રનું પરિરૂપ** — કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 30 | 28 | 27 | 15 | 100 |
| ટકા (%) | 30 % | 28 % | 27 % | 15 % | 100 % |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વગર | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 10 | 14 | 30 |
| 5. | લાંબા પ્રશ્નો LA) | 04 | 06 | 20 |
| | કુલ | 54 | 64 | 100 |

### પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | વિધાનનાં રૂપો અને તેના પ્રકારો | 15 | 20 |
| 2. | દલીલનું રૂપ અને દલીલનું પ્રામાણ્ય | 11 | 11 |
| 3. | અનુમાનનાં નિયમો | 11 | 13 |
| 4. | નિરુપાધિક સંવિધાન | 11 | 13 |
| 5. | વ્યાપ્તિકરણ અને વૈજ્ઞાનિક અન્વેષણની રીતિઓ | 08 | 11 |
| 6. | ભારતીય તર્કશાસ્ત્રમાં અનુમાન | 10 | 10 |
| 7. | મૂલ્યમીમાંસા | 05 | 07 |
| 8. | ધર્મનો અર્થ અને ધાર્મિક જીવન | 08 | 13 |
| 9. | જગતના વિદ્યમાન ધર્મો | 13 | 21 |
| 10. | આત્મસાક્ષાત્કારની વૈજ્ઞાનિક પદ્ધતિ : યોગ | 08 | 11 |
| | કુલ ગુણ | 100 | 130 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12 તત્ત્વજ્ઞાન (136) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — **પ્રશ્નપત્રનું માળખું** — કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A** | 20 |
| 1 થી 20 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 સુધીના બહુ વિકલ્પ પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકના એક ગુણ) | |
| | **વિભાગ - B** | 10 |
| 21 થી 30 | નીચે આપેલ પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો એક ગુણ) | |
| | **વિભાગ - C** | 20 |
| 31 થી 44 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના બે ગુણ) | |
| | **વિભાગ - D** | 30 |
| 45 થી 58 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના ત્રણ ગુણ) | |
| | **વિભાગ - E** | 20 |
| 59 થી 64 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેક પ્રશ્નના 5 (પાંચ) ગુણ છે. | |
| | કુલ | 100 |

નોંધ : કોઈપણ વિભાગમાં આકૃતિ, સત્યતા કોષ્ટક, રૂપલક્ષી સાબિતીનો પ્રશ્ન પૂછ્યો હોય તો તે પ્રશ્નમાં બે વિકલ્પ આપવા. જેમાં વિકલ્પ-'A' સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને વિકલ્પ-'B' માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેનો પ્રશ્ન છે, તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરીને પ્રશ્ન પૂછવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ધોરણ-12 તત્ત્વજ્ઞાન (સામાન્ય પ્રવાહ) (136)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક

નમૂનાનું પ્રશ્નપત્ર

ગુણ : 100

સૂચનાઓ :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગો છે.

(2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.

(4) નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

(5) આ પ્રશ્નપત્રમાં પ્રશ્નક્રમાંક : 31(B), 36(B), 45(B), 46(B), 47(B) 48(B),, 49(B), 50(B), 59(B), 60(B), 61(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે.

## વિભાગ - A

(A) નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 સુધીના બહુવિકલ્પ પ્રશ્નો છે. તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ) [20]

1. મૂળભૂત તાર્કિક કારકો કેટલા છે ?
   (A) એક (B) બે
   (C) ચાર (D) પાંચ

2. 'તત્ત્વજ્ઞાન અઘરો વિષય નથી' આ વિધાન કયા પ્રકારનું છે ?
   (A) સાદું (B) સંયુક્ત
   (C) શરતી (D) જટીલ સંયુક્ત

3. એક થી વધુ આધાર વિધાનોવાળી દલીલને કયા તાર્કિકકારક વડે જોડવામાં આવે છે.
   (A) કા તો ... અથવા (B) જો ... તો ...
   (C) ... અને ... (D) જો ... તો અને તો જ ...

4. દલીલમાં ફલિત વિધાનની સંખ્યા કેટલી હોય છે ?
   (A) એક (B) બે
   (C) ત્રણ (D) ચાર

5. MP ને લગતા નિયમ રૂપમાં કયા તાર્કિક કારકનો ઉપયોગ થાય છે ?
   (A) V (B) &
   (C) ~ (D) →

6. રૂપલક્ષી સાબિતીમાં ત્રાંસી લીટીની આગળ લખવામાં આવતો 'P' શેનો નિર્દેશ કરે છે ?
   (A) આધાર વિધાન (B) ફલિત વિધાન
   (C) પ્રમાણભૂતતા (D) અપ્રમાણભૂતતા

7. સાધ્યપદવાળા સંવિધાનના આધારવિધાનને શું કહેવાય છે ?

(A) સાધ્ય વિધાન (B) પક્ષ વિધાન

(C) પક્ષપદ (D) સાધ્યપદ

8. કઈ આકૃતિમાં મધ્યપદ બંને આધાર વિધાનોમાં ઉદેશ્યને સ્થાને હોય છે ?

(A) પહેલી (B) બીજી

(C) ત્રીજી (D) ચોથી

9. અનિવાર્ય શરતોનો સમુચ્ચય એટલે શું ?

(A) નિગમન (B) વ્યાપ્તિ

(C) આંશિક શરત (D) પર્યાપ્ત શરત

10. જે. એસ. મિલ પ્રાયોગિક અન્વેષણની કેટલી રીતિઓ આપે છે ?

(A) પાંચ (B) ત્રણ

(C) ચાર (D) આઠ

11. અનુમાન પ્રમાણ કયા પ્રમાણ પર આધારિત છે ?

(A) પ્રત્યક્ષ (B) શબ્દ

(C) અર્થાપતિ (D) ઉપમાન

12. વ્યાપ્તિ સંબંધની રજૂઆત કરતા સર્વદેશી વિધાનને શું કહે છે ?

(A) સ્વાર્થાનુમાન (B) પરાર્થાનુમાન

(C) ઉપનય (D) વ્યાપ્તિ

13. હકીકતલક્ષી વિધાનોની વિશેષતા કઈ છે ?

(A) વિધાયકતા (B) વર્ણનાત્મકતા

(C) ભાવાત્મકતા (D) અનુભવાત્મકતા

14. સુંદર એટલે શું ?

(A) આકર્ષક (B) મોહક

(C) આનંદદાયક (D) મનોરંજક

15. કોના મતે 'જે ધર્મને તર્ક વડે સમજણમાં ગોઠવે તે જ એને સમજે છે બીજો નહી' ?

(A) મનુસ્મૃતિ (B) ગાંધીજી

(C) મહર્ષિ વેદ વ્યાસ (D) વિનોબાજી

16. ઇન્દ્રિયોના વિષયરૂપ વસ્તુઓમાં આસક્તિનો અભાવ એટલે શું ?

(A) જ્ઞાન (B) નીતિ

(C) વૈરાગ્ય (D) ભક્તિ

17. 'ન્યાય ભાવના' એ કયા ધર્મનો નૈતિક સિદ્ધાંત છે ?

(A) યહૂદી ધર્મ (B) શીખ ધર્મ

(C) જૈન ધર્મ (D) ઇસ્લામ ધર્મ

18. હિન્દુ ધર્મનો ઉદ્ભવ ક્યાં થયો છે ?

(A) ભારત (B) ચીન

(C) જાપાન (D) પશ્ચિમ એશિયા

19. સાત્ત્વિક આહારથી ચિત્ત કેવું બને છે ?

(A) અસંતુલિત (B) આવેગિક

(C) સંતુલિત (D) ચંચળ

20. અષ્ટાંગ યોગના બહિરંગો કેટલા છે ?

(A) એક (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

## વિભાગ - B

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો : (દરેક પ્રશ્નનો 1 ગુણ) [10]

21. તાર્કિક કારકો અન્ય કયા નામે ઓળખાય છે ?

22. જે દલીલ અપ્રમાણભૂત ન હોય તે દલીલ કેવા પ્રકારની હોય છે ?

23. 'HS' ના નિયમનું નામ લખો.

24. સંવિધાનના શક્ય ભેદો કેટલા છે ?

25. વ્યાપ્તિકરણની પ્રક્રિયાની અનિવાર્ય આવશ્યકતા કઈ છે ?

26. કોના પ્રત્યક્ષ જ્ઞાનથી અનુમાન ક્રિયાનો આરંભ થાય છે ?

27. વાપરવાથી વધે એવું ધન કયું છે ?

28. 'માનવધર્મ' પુસ્તકના રચયિતા કોણ છે ?

29. સર્વધર્મ સમભાવથી શું પ્રગટ થાય છે ?

30. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ક્યારે ઊજવવામાં આવે છે ?

## વિભાગ - C

- નીચેના પ્રશ્નક્રમાંક 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના સંક્ષેપમાં જવાબ આપો. (દરેક પ્રશ્નના 2 ગુણ) [20]

31(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

$\leftrightarrow$ નું સત્યતા કોષ્ટક રચો.

31(B). દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

$\leftrightarrow$ નું લક્ષણ જણાવો.

32. 'જો વિદ્યાર્થી મહેનત કરશે નહિ તો તેને સફળતા મળશે નહિ.' - આ સંયુક્ત વિધાનની પ્રાતીક રજૂઆત કરી તેનો પ્રકાર જણાવો.

33. વૈકલ્પિક સંવિધાનને લગતા નિયમનું રૂપ અને સંક્ષેપ લખો.

34. 'CD'ના નિયમનું નામ અને રૂપ લખો.

35. માન્યરૂપવાળા સંવિધાનનો 'હાહાહા' ભેદનું અર્થઘટન લખો.

36(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

નીચેના સંવિધાનનાં આકૃતિ અને ભેદ જણાવો :

- સર્વ વકીલો વાચાળ છે

કેટલાક વકીલો વિદ્વાન છે.

∴ કેટલાક વિદ્વાનો વાચાળ છે.

36(B). દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

સંવિધાનની આકૃતિ અને ભેદની વ્યાખ્યા લખો.

37. વૈજ્ઞાનિક વ્યાપ્તિના કયા તાત્વિક આધારોને સ્વીકારે છે ?

38. અનુમાન ક્રિયાની અનિવાર્ય શરતો કઈ છે ?

39. સામાજિક મૂલ્યોના ઉદાહરણ આપો.

40. ઉત્પાદક મૂલ્યનું લક્ષણ અને ઉદાહરણ લખો.

41. ધૃ ધાતુનો અર્થ લખો.

42. ધાર્મિક જીવન દ્વારા માનવીમાં કેવા પ્રકારના ગુણો પ્રગટે છે ?

43. ભારતમાં ઉદ્ભવ પામેલા ધર્મો કેટલાં છે ? કયા કયા ?

44. અષ્ટાંગ યોગના આઠ અંગો કયા કયા છે ?

## વિભાગ - D

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના 3 ગુણ) [30]

45(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સત્યતાકોષ્ટકની રીતનો ઉપયોગ કરી વિધાન માટેના રૂપનો પ્રકાર નક્કી કરો.

$\sim P \rightarrow (p \vee q)$

45(B). દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

વિધાન માટેના તદેવાર્થક રૂપની સમજુતી આપો.

46(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સત્યતાકોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરીને નીચેની દલીલનું પ્રામાણ્ય નક્કી કરો.

$A \rightarrow B$

$\therefore B \rightarrow A$

46(B). દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

દલીલ માટેનું રૂપ એટલે શું ? દલીલ માટેના કોઈ એક રૂપનું ઉદાહરણ લખો.

47(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

નીચેની રૂપલક્ષી સાબિતીમાં ખાલી જગ્યા પૂરો.

(1) (J→K) & (L → M) P
(2) J&L P/∴ K&M
(3) J→K ______
(4) J ______
(5) K ______
(6) L→K ______
(7) L ______
(8) M ______
(9) K&M ______

47(B). દ્રષ્ટિહીન વિદ્યાર્થી માટે

સર્વોપરીકારક વિશે ટૂંકનોંધ લખો.

48(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

નીચેની દલીલ પ્રમાણભૂત છે એમ રૂપલક્ષી સાબિતીની રચના કરો.

- H→(I & J)
  (I V G) → K
  H
  ∴ K & I

48(B). દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

દલીલ માટેનાં રૂપનું સ્થાનાપત્તિ નિદર્શન એટલે શું ? તેનું ઉદાહરણ આપો.

49(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો.

- સર્વવ્યસનીઓ નિર્બળ છે.
  સર્વ નિર્બળ રોગિષ્ટ છે.
  ∴ કેટલાક રોગિષ્ટ વ્યસનીઓ છે.

49(B). દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

'પદચતુષ્ટયનો દોષ' ઉદાહરણસહિત સમજાવો.

50(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ દર્શાવી તેમના પ્રામાણ્યની તપાસ કરો.

- સર્વ ફળો તાજા હોય છે.
  સર્વ ફૂલો તાજા હોય છે.
  ∴ સર્વ ફૂલો ફળો છે.

50(B). દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

નિરુપાધિક સંવિધાન એટલે શું ? નિરુપાધિક સંવિધાનનું બંધારણ સમજાવો.

51. વ્યાપ્તિકરણની પ્રક્રિયાના તાત્ત્વિક આધારો સમજાવો.

52. ટૂંકનોંધ લખો : સાદી ગણનામૂલક વ્યાપ્તિની મર્યાદા.

53. વિજ્ઞાનયુગમાં ધર્મનું મહત્ત્વ સમજાવો.

54. ધાર્મિક જીવનનું વિશ્લેષણ કરો.

55. જૈન, બૌદ્ધ અને હિન્દુ ધર્મના ધર્મગ્રંથો (શાસ્ત્રો)ના નામ લખો.

56. ખ્રિસ્તી, ઇસ્લામ અને શિન્તો ધર્મના નૈતિક સિદ્ધાંતો લખો.

57. પ્રાણાયામની પ્રક્રિયા સમજાવો.

58. સત્યવાણીના ગુણો વિશે ટૂંકનોંધ લખો.

## વિભાગ - E

- નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ) [20]

59(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

'&'નું તાર્કિક સ્વરૂપ સત્યતાકોષ્ટકની મદદથી સ્પષ્ટ કરો અને સમુચ્ચયનું લક્ષણ આપો.

59(B). દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

વિધાન માટેના સ્વવ્યાઘાતી રૂપની સમજૂતી આપો.

60(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

'→'નું તાર્કિક સ્વરૂપ સત્યતાકોષ્ટકની મદદથી સ્પષ્ટ કરો અને શરતી વિધાનનું લક્ષણ આપો.

60(B). દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

વિધાનપરક અચલ અને વિધાનપરક પરિવર્તી વચ્ચેનો ભેદ સમજાવો.

61(A). સામાન્ય વિદ્યાર્થી માટે

નીચેની દલીલની પ્રાતીક રજૂઆત કરી અને સત્યતા કોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરી તેનું પ્રામાણ્ય નક્કી કરો.

- જો આ પર્વત ધુમ્રસ્થાન છે તો આ પર્વત અગ્નિસ્થાન છે.
  આ પર્વત અગ્નિસ્થાન નથી.

∴ તેથી, આ પર્વત ધુમ્રસ્થાન નથી.

61(B). દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

પ્રમાણભૂત દલીલ અને અપ્રમાણભૂત દલીલ એટલે શું ? ઉદાહરણસહિત સમજાવો.

62. અનુમાનની વ્યાખ્યા આપી અનુમાન વડે મળતા જ્ઞાનનું સ્વરૂપ સમજાવો.

63. જગતના વિદ્યમાન ધર્મો અને તેમના સ્થાપકોના નામ લખો.

64. આચરવા યોગ્ય સદ્ગુણો અને ટાળવા યોગ્ય દુર્ગુણો કયા છે ?

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

વિષય : અંગ્રેજી (SL) (013)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | પ્રશ્નપત્રનું પરિરૂપ | કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | Knowledge | Under standing | Application | Higher order thinking skill | | Total |
|---|---|---|---|---|---|---|
| | | | | Synthesis and Analysis | Interpretation and Evaluation | |
| Mark | 9 | 28 | 23 | 36 | 04 | 100 |
| Percentage | 09 | 28 | 23 | 36 | 04 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર વિભાગ -A:

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | Objective Type (O) | 30 | 30 |
| 2. | Short Answer Type (SA) | 31 | 35 |
| 3. | Long Answer Type (LA) | 06 | 27 |
| 4. | Long Answers Type (EA) | 01 | 08 |
| | Total | 68 | 100 |

વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | વિભાગનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | Reading Comperhension | |
| | • Main Textbook | 28 |
| | • Supplementary Reading | 13 |
| | • Unseen Reading | 10 |
| 2. | Function/Graamar | 26 |
| 3. | Writing | 23 |
| | કુલ | 100 |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

વિષય : અંગ્રેજી (SL) (013)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — પ્રશ્નપત્રનું માળખું — કુલ ગુણ : 100

| Q. No. | SECTION-A | |
|---|---|---|
| 1-4 | Content Based Questions (Main Textbook-Prose) Inference type True/False | 04 marks |
| 5-7 | Use of Vocabulary (Supplementary Reader) | 03 marks |
| 8-10 | Indentification of functions | 03 marks |
| 11-14 | Respond to the clues (Function) (MCQ) | 04 marks |
| 15-18 | Recognizing Appropriate Questions (MCQ) | 04 marks |
| | SECTION: B | |
| 19-30 | Reading Comperhension (Main Textbook-Prose) Questions based on Understanding | 12 marks |
| 31 | Short Note (Guided - Main Textbook-Prose) (1 Short Note out of 2) | 03 marks |
| 32-34 | Recognition of Vocabulary (Main Textbook-Prose) | 03 marks |
| | SECTION: C | |
| 35-39 | Reading Comperhension (Supplementary Reader) | 05 marks |
| 40 | Summry writing (Supplementary Reader) | 05 marks |
| 41-45 | Reading comperhension (Current Newspaper) | 05 marks |
| 46-51 | Reading Comperhension (Main Textbook-Poem) | 06 marks |
| | SECTION: D | |
| 52-53 | Transformation (Contextual passages for change in tense and voice) | 04 marks |
| 54 | Reported Speech | 03 marks |
| 55-59 | Complete the sentences (Function based) (MCQ) | 05 marks |
| 60 | Synthesis | 03 marks |
| 61-64 | Editing | 04 marks |
| | SECTION: E | |
| 65(A)<br>65(B) | Information Transfer (for normal students only)<br>or<br>Point based story (for blind students only) | 05 marks |
| 66 | Paragraph writing (Guided) (1 Paragraph out of 3) | 08 marks |
| 67 | Speech writing (Guided) or Application writing | 06 marks |
| 68 | Email Writing or Report Writing | 05 marks |

Note :
- Options are to be given for the blind students where questions are asked based on a figure/a picture/a map/a graph.
- The Story asked for the blind students should be a well known story. Q.No. 65(B) is for the blind students

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

વિષય : અંગ્રેજી (SL) (013)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | નમૂનાનું પ્રશ્નપત્ર | કુલ ગુણ : 100

Instructions:

[1] There are 5 Sections in this question paper.

[2] Figures to the right indicate full marks.

[3] Read the instructions carefully before answering the questions.

[4] Number the answers correctly.

[5] Write in legible handwriting.

[6] Q.No. 65B is for the blind students only

## SECTION - A

- Write whether the sentences are True or False : [04]

1. Sojourner believes that women have the strength to deal with any type of problems.
2. The customer should turn on GRUDGE.EXE and RESENTMENT.COM to install love properly.
3. When we breathe, there is microscopic movement of the cranial bones.
4. Sergeant Morris put a spell on the paw.

- Find and write the nearest meanings: [03]

5. Acknowledged: notorious, well-known, rejected, knowledgeable
6. Vigorous: tough, vigilant, lethargic, weak
7. aspiration: inspiration, disappointment, encouragement, ambition

- Select the most appropriate language functions from the brackets and write them against the given sentences : [03]

(expressing choice, expressing result, talking about thing in relation to something, expressing suggestion)

8. Shraddha acts too fearfully to oppose any one.
9. Harsh follows the same strategies as his friend has suggested.
10. I would rather listen to old Hindi songs than watch a Hindi movie.

- Select the most appropriate responses : [04]

11. Raju: Why did you not prepare the apple juice ?

Jagu : ......................... (Expressing condition in the past)

(A) I could not prepare the juice because you forgot to bring the apples.

(B) If you had brought apples yesterday, I would have prepared the juice for you.

(C) Unless you forget to bring the apples, I am able to prepare the juice for you.

(D) Bring the apples first otherwise I cannot prepare the juice.

12. Jayu: How is your smart phone ?

Kishu : .............................................. (Comparing)

(A) It is better than any other smart phones.

(B) Very few phones are slim as I have.

(C) It is really slim and impressive.

(D) It is slimmer than any other phone.

13. Liza: Mr. Mehta's temperament is quite hot to deal with. Don't you think so ?

Maitri: (Indicating contrast)

(A) I think, you're wrong in your opinion.

(B) His temperament is too hot to deal with any situation.

(C) However hot his temperament is, he is noble at heart.

(D) In spite of his temperament is hot, he is soft at heart.

14. Tarak: How strangely Natukaka behaves !

Jethalal : .................................... (Making supposition)

(A) He behaves like the owner of the shop.

(B) He behaves as if he were the owner of the shop.

(C) He behaves if he were the owner of the shop.

(D) Sometimes he behaves rudely.

- **Select the most appropriate questions to get the underlined words/ phrases as their answer:** **[04]**

15. You should think twice before you speak.

(A) When should you think ?

(B) How often should you think before you speak ?

(C) How should you think before you speak ?

(D) What should you do before you speak ?

16. Cramming answers will not lead you to success.

(A) What will not lead you to success ?

(B) Whom will you lead to success ?

(C) What will lead you to success ?

(D) Why will cramming answers not lead you to success ?

17. She reads 'The Times of India' regularly to enrich her vocabulary.

(A) Who reads 'The Times of India' regularly to enrich her vocabulary ?

(B) How does she read 'The Times of India' ?

(C) What does she read to enrich her vocabulary ?

(D) Why does she read 'The Times of India' regularly ?

18. Owing to her brilliant result, she will be selected in the company.

(A) What will be her result ?

(B) How will she be selected in the company ?

(C) Why will she be selected in the company ?

(D) Who will be selected in the company ?

## SECTION- B

- Read the extracts and answer the questions: [12]

My brother and I were at a very young, impressionable age when our father married a second time. He would often arrogantly parade into the house with his new wife. Mother was helpless. There was nothing she could do about it, but Nani fought with her, and scooped the two of us into her arms and brought us into her house, saying, 'You want to rot here, do so... But I am not letting my grandchildren stay here to get thrashed by their stepmother.

19. What was the reason behind leaving of his father at early age ?
20. Why did Nani take us to her home ?

The function of education, then, is to help you from childhood not to imitate anybody, but to be yourself all the time. And this is the most difficult thing to do; whether you are ugly or beautiful, whether you are envious or jealous, always to be what you are, but understand it.

To be yourself is very difficult because you think that you are ignoble, and that if you could only change what you are into something noble it would be marvellous: but that never happens.

21. Education teaches to be original. True or false ?
22. ................................................... so it is not easy to be oneself.

John J. Dumont, a nearby plantation owner, purchased her next. during her tenure with his family she married and had five children in 1827, after NY had passed an emancipation act freeing its slaves, she prepared to take her family away. But Dumont began to show reluctance to this, so she ran away with only her youngest child. She finally wound up in New York City. She worked at menial job and through some friends came under the sway of a religious fanatic named Mathias.

23. What did the emancipation act say ?
24. What was her occupation ?

It is important for all of us to think in terms of first reducing our emissions of CO, or Carbon footprints. The carbon footprint is a subset of the ecological footprint. A Carbon footprint is the total set of greenhouse gas emissions caused by an organization, event, product or person. Greenhouse gases can be emitted through transport, land clearance and the production and consumption of food, fuels, manufactured goods, materials, wood, roads. Buildings, and services.

25. The more we produce carbon, the deeper our carbon footprint is. True or false ?
26. What are the causes of Greenhouse gases?

Headache has become such a confirmed habit that a huge trade has developed in providing a cure for it. Some people feel lost unless they carry a tube of some headache remedy in their pockets all the time, and opticians give glasses guaranteed to relieve headache. These are instances to show that mankind easily begins to believe in its myths.

27. Why has the trade developed in providing a cure for headache ?

28. Give an example that shows peoples' myths.

And now an amazing thing happened. The ants at the top began climbing down in to the pit backward, each holding the tail end of another ant in front. In this way an ant-chain was soon formed which slowly dropped down the steep side. When it reached the ants waiting with their loads, they easily climbed up the chain and came out at the top. Such behavior, showing the adeptness of ants, has been noticed and studied by many.

29. Any type of occupation needs skills. (Replace the underlined word with a word from the passage.)

30. Rewrite the correct sentence.

   a. The ants hold the mouth of the other ants to form a chain.

   b. The ants hold tails of the other ants and climb up the pit.

   c. The ants hold tails of the other ants to form a chain.

31. Write any one short note focusing on the questions : [03]

Love-a Driving Force

- What is the condition to get love ?
- Do past experiences cause any problem in getting love ?
- What should we do to forget our past experiences ?
- Which are the things to be deleted from our life if we want to gain love ?
- Why is it important to love oneself for getting love ?
- What will happen when love enters in your life ?

The title 'The Adjustment'

- How did Nani adjust with Nana ?
- How did Nani's daughter adjust ?
- What adjustment did the children make ?
- How did Nana adjust himself in Nani's absence ?
- How can the family adjust with the new form of Nana, according to the doctor ?

- Fill in the blanks with the appropriate words given in the brackets : [03]

(gloomy, encounter, conquer, extravagance)

Aryan is really a very industrious person. No one will find him sitting __32__. He is always ready to __33__ with any tough situation. He does not believe in __34__.

## SECTION-C

- Read the following passages and answer the questions: [05]

For last several years, I have been talking about my freedom. I remember the day when you objected to my dress and hair. That day you appeared to me like an 'evil dictators' (absolute rulers), who would never understand my style, my personality. The next day, you did not allow me to go out. I was fiercely-angry on you. We were on opposite sides and there seemed no meeting grounds. Now, when I recall this incident, I also remember how

you appreciated my choice when we had to buy a gift for Asmi. I also recall how after getting angry on me for the bad report card for a few hours, both of you came into my room and explained what I should do to score more marks. I have both the types of memory but now I would prefer to remember the best. The little and big mishaps between us were just thoughtless reactions.

Questions:

35. On which bases did the writer think that his parents did not understand his style ?

36. Give an example which shows positive side of the writer's parents ?

37. Which type of memory did the writer keep with him for his growth ?

By the time I reached high school, I was so stressed out by the thought of answering question and doing group projects that my self-confidence problem would get in the way of my ability to study. I was nervous and agitated about being wrong and how people would react to me. My school and work started to suffer. Because of my inferiority complex, I couldn't go out. I was afraid of even going for shopping. I couldn't speak to people or make decisions: I hid myself away and felt like a real loser.

Questions :

38. What problems did the narrator feel when he reached high school ?

39. How did narrator's inferiority complex stop his growth ?

40. Read the following passage and write its summary. Suggest a suitable title to it : [05]

Kalah was a small and beautiful village with a population of only 200. We took shelter in a Sarai, a small house with a kitchen and a hall, constructed for the pilgrims (people who make a journey to holy place). The evening was very cold with temperature around 7-8° C degree temperature. It further dropped at night to 2-3° C. Our cook, who has joined us from Tyori cooked food for us. We had a welcome hot dinner followed by a sound sleep in the warmth of our sleeping bags. The morning in Kalah was beautiful. Everyone was at ease as it was an acclimatization (to become used to the conditions) halt. It was a rich mix in the true sense of the term as there were painters, writers, photographers, ornithologists and adventure lovers. Someone took a sketch book and a pencil and started sketching beautiful wooden house of the village.

- Read the news clipping and answer the questions: [05]

NEW DELHI: Giving an "important message", Prime Minister Narendra Modi on Wednesday announced that India has successfully tested its first anti-satellite missile system, code-named 'Mission Shakti." "India has entered its name as an elite space power. An anti-satellite weapon ASAT, successfully targeted a live satellite on a low earth orbit (LEO)," P.M. Modi said.

The Prime Minister also stated that shooting down a LEO satellite is a rare achievement and was completed successfully within three minutes of launch. The mission was led by the Defense Research and Development Organisation (DRDO), aimed at strengthening India's overall security. The LEO satellite was orbiting at an altitude of 300 km. P.M. Modi said. The Prime Minister also said that India's action was not directed against any

country and no international laws or treaties were breached. The mission was a highly complex one and was conducted at extremely high speed with remarkable precision, P.M. Modi said. It shows outstanding scientists and the success of our space programme, he added.

Questions :

41. What is this news clip about ?

42. Why is the Mission Shakti considered as a rare achievement ?

43. Who led the Mission Shakti ? Why ?

44. At what height was the LEO satellite orbiting ?

45. How was the mission, according to P.M. ?

46. Read the stanzas and answer the questions : [06]

Where words come out from the depth of truth
Where tireless striving stretches its arms towards perfection
Where the clear stream of reason has not lost its way
Into the dreary desert sand of dead habit
Where the mind is led forward by Thee
Into ever-widening thought and action
Into that heaven of freedom, my father, let my country awake.

Questions :

46. Name the qualities the poet wishes to see in his countrymen.

47. Who referred to as "Thee" and "my Father" ?

48. What does the poet refer by 'dead habit' ?

Returns the heaven's greeting-
In robes of white
Bathed in golden light-

Where earth and sky are meeting.
And the mountain dews
And mellow hues
Paint her cheeks with fairy fingers,

Questions :

49. What does the Queen of Himalaya wear?

50. How does the nature paint the cheeks of Kangchenjunga?

51. Write two pairs of rhyming words from the above stanza.

## SECTION-D

- Do as directed. [04]

52. Bhakti saw an accident at the crossroads. The driver drove the bus carrying school children very fast. She called the ambulance for help quickly.

Start like this : An accident was seen ____________.

53. A National park had a defined boundary, through which no person could get into without permission. The visitors could observe the park by a vehicle which routed through defined trails.

Start like this : A National park has a ____________.

54. **Render the following dialogue into indirect speech :** [03]

"Let's visit the science exhibition", said Rajvi.

"What a good suggestion! We'll surely go", said Dhyey.

"Thank you."

"Is it worth-visiting?"

"Certainly."

- **Complete the sentences choosing correct option:** [05]

55. Soniya studies so seriously........(Expressing result)
    (A) as she misses to watch her favourite TV serial.
    (B) that she forgets to have her breakfast.
    (C) that she could forget to invite me.
    (D) as her brother does.

56. Wear such a T-shirt............... (Talking about thing in relation to something)
    (A) as is printed.
    (B) which is attractive.
    (C) so you can be easily identified.
    (D) A & B

57. Mihir counts the currency notes......................(Expressing the manner of action)
    (A) as if he were a cashier.
    (B) as fast as a banker.
    (C) as a cashier does.
    (D) as he is a money lender.

58. When I was young,......................... (Expressing habitual action in the past)
    (A) I used to bunk the class.
    (B) I protected the tree near by his home.
    (C) I stood first in the running race.
    (D) I was punished by my teacher.

59. Dharm will either..............................(Expressing alternative choice)
    (A) go to circus or to the cinema house.
    (B) like his gift than his suggestion.
    (C) enjoy Kathiyavadi dish rather than Punjabi dish.
    (D) accept or reject his friend's proposal.

60. **Combine the following sentences to make a meaningful sentence:** [03]

That cheque did not get cleared. The cheque was drawn to be in favour of her friend. Smita had insufficient balance in her bank account.


- **Complete the passage choosing the correct option from the brackets :** [04]

His presence is always a cause of __61__ (irritate/irritation/irritated) to her. It is because he has insulted her several times without 62 (any/some/every) reason. She makes herself __63__ (take/to take/took) any responsibility without his help. She is now able to handle __64__ (a/an/the) worst situation.

## SECTION- E

65(A). For the normal students only.

Study the following tree diagram and describe it in about 80 words : [05]




65(B). For the blind Students only.

Write a story based on the following points and give it a suitable title.

A lake - a tortoise - two geese friends - lake was drying - geese decided to migrate - tortoise could not fly - requested to geese - geese agreed - they held a stick - tortoise held the stick - not to open mouth - flew high - people looked - shoated - tortoise got angry - opened his mouth - fell down - died.

66. Write a paragraph in about 150 words using the key words : [08]

Women Empowerment

(Points : What is women empowerment ? -problems with women empowerment - remedies for the upliftment of women - role of family in women empowerment - government's efforts for the progress of women - things still need to do for women empowerment)

OR

Importance of forests

(Points : different types of trees - benefits of trees: water scarcity/oxygen/ global/day to day life/cutting of trees-duty of government-role of common men)

OR

Stress Management

(Points : What is stress? - raise mental capacity- rational decision - avoid over thinking - develop positivity - believe in 'I can'- practice meditation)

67. You are invited to speak on Importance of Yoga.
Draft a speech in about 100 words. [06]

(Points : What is Yoga ?, a holistic exercise, physical development, mental development, spiritual development, gives long and healthy life)

OR

Dhyey Prajapati from 'Shantam', Block no. 10, Akashganga society, Junagadh wants to apply for the post of an accountant to the manager, KRS Health Care, Shivaji road, Pune-411002.

68. You are Mehul Prajapati from Vanganga society, Vadodara. Your PAN card provided to you is mis-spelt in name. Mail to tininfo@nsdl.co.in. in about 100 words. [05]

OR

You visited an old-age home in your city last week. Prepare a brief report on it in about 100 words.

(Points: name - place - date how many old persons live there - their daily routine- their problems - what you felt)

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12
## વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા
## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 3 કલાક　　　　　　　　　　　　　　　　કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 45 | 30 | 20 | 05 | 100 |
| ટકા(%) | 45% | 30% | 20% | 05% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલવિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 12 | 16 | 24 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 25 |
| | કુલ | 54 | 63 | 100 |

પ્રકરણ દીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | અર્થશાસ્ત્રમાં આલેખ | 07 | 10 |
| 2. | વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 09 | 13 |
| 3. | નાણું અને ફુગાવો | 08 | 10 |
| 4. | બેન્કિંગ અને નાણાકીય નીતિ | 08 | 08 |
| 5. | ગરીબી | 10 | 13 |
| 6. | બેરોજગારી | 10 | 12 |
| 7. | વસ્તી | 10 | 15 |
| 8. | કૃષિ ક્ષેત્ર | 09 | 10 |
| 9. | વિદેશવેપાર | 07 | 09 |
| 10. | ઉદ્યોગક્ષેત્ર | 08 | 08 |
| 11. | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | 10 | 13 |
| 12. | પ્રાકૃતિક ખાદ્યજંગલ અને પાકસંરક્ષણ | 04 | 06 |
| | કુલ | 100 | 127 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 20 | નીચે 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| | **વિભાગ-B** | |
| 21 થી 30 | નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો. (દરેકનો 1 ગુણ) | 10 |
| | **વિભાગ-C** | |
| 31 થી 46 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 (બાર) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) | 24 |
| | **વિભાગ-D** | |
| 47 થી 56 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 (સાત) પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (દરેકના 3 ગુણ) | 21 |
| | **વિભાગ-E** | |
| 57 થી 63 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 5 ગુણ) | 25 |
| | કુલ ગુણ | 100 |

સૂચના : વિભાગ–E માં પ્રશ્નક્રમાંક-63(A) સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે. જેમાં આકૃતિ અને તેના વિશ્લેષણને લગતો પ્રશ્ન પૂછવાનો રહેશે. (જેમાં સમય આધારિત રેખા આકૃતિ, સાદી સ્તંભાકૃતિ, પાસ-પાસેની સ્તંભાકૃતિ કે વિભાજીત સ્તંભાકૃતિમાંથી પૂછવાનો રહેશે.) પ્રશ્નક્રમાંક 63(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે રહેશે. જેમાં પ્રશ્નક્રમાંક 63(A)માં પૂછેલા પ્રશ્નનું માત્ર વિશ્લેષણ કરવાનું રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12

વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | નમૂનાનું પ્રશ્નપત્ર | કુલ ગુણ : 100

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
- જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
- વિભાગ C, D અને Eમાં જનરલ વિકલ્પ આપવામાં આવ્યા છે.
- પ્રશ્નક્રમાંક - 63(B) માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. જેમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

## વિભાગ - A

- પ્રશ્નક્રમ 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : (દરેક પ્રશ્નનો 1 ગુણ છે) [20]

(1) આકૃતિ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(A) વિસ્તાર (B) સતત

(C) અસતત (D) આદર્શ

(2) આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(A) શાળાઓ (B) સામાન્ય વ્યક્તિઓ

(C) ખાનગી પ્રકાશકો (D) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે.

(3) માનવવિકાસના આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

(A) એક (B) શૂન્યથી એક વચ્ચે

(C) સો (D) શૂન્ય

(4) 'વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન' આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

(A) ટોડેરો (B) જિરાલ્ડ મેયર

(C) મેકલપ (D) હેન્સન

(5) ભારત જરૂરી પેટ્રોલિયમ પેદાશના કેટલા ટકા જેટલો પુરવઠો આયાત દ્વારા પ્રાપ્ત કરે છે ?

(A) 50 (B) 60

(C) 70 (D) 90

(6) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1951 (B) 1935

(C) 1947 (D) 1949

(7) સંસ્કૃત ભાષા પ્રમાણે બેન્ક શબ્દનો અર્થ શું થાય છે ?

(A) નાણાંનો પુરવઠો (B) મૂડી રોકાણ

(C) મૂડીનો જથ્થો (D) વ્યાજ

(8) વર્ષ 2013માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(A) છત્તીસગઢ (B) ગોવા

(C) ગુજરાત (D) રાજસ્થાન

(9) ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

(A) NREGA (B) IRDP

(C) PMFBY (D) IAY

(10) અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(A) પ્રચ્છન્ન (B) મોસમી

(C) ઘર્ષણજન્ય (D) ચક્રીય

(11) બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(A) પ્રો. પીગુ (B) રાજકૃષ્ણ

(C) કેઈન્સ (D) માર્શલ

(12) ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1981

(C) ઈ.સ. 1991 (D) ઈ.સ. 2001

(13) ભારતમાં નવી વસ્તી નીતિ (2000) માટેની સમિતિની રચના કોના વડપણ હેઠળ થઈ હતી ?

(A) દીન દયાળ ઉપાધ્યાય (B) જમશેદજી તાતા

(C) ડૉ. એમ. એસ. સ્વામીનાથન્ (D) રંગનાથન

(14) ભારતમાં અધૂરી સિંચાઈ યોજનાઓ પૂરી કરવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) RBI (B) NABARD

(C) RRBs (D) SBI

(15) વિદેશવેપારમાં કયું સાધન સૌથી ઓછું ગતિશીલ છે ?

(A) જમીન (B) મૂડી

(C) નિયોજનશક્તિ (D) શ્રમ

(16) લેણદેણની તુલામાં કેટલાં ખાતા હોય છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(17) અગરબત્તી ઉદ્યોગ એ કયા ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) નાના પાયાનો ઉદ્યોગ
(B) મોટા પાયાનો ઉદ્યોગ
(C) ગૃહ ઉદ્યોગ
(D) મધ્યમ પાયાનો ઉદ્યોગ

(18) જાહેરક્ષેત્ર એટલે શું ?

(A) સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર
(B) આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર
(C) લોકો દ્વારા સંચાલિત ક્ષેત્ર
(D) સહકારવૃત્તિવાળું ક્ષેત્ર

(19) ભારતમાં રેલવેની સૌપ્રથમ શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1951માં
(B) 1901માં
(C) 1853માં
(D) 1875માં

(20) બ્રહ્માસ્ત્ર બનાવવામાં કેટલા લિટર ગૌ-મૂત્રની જરૂર પડે છે ?

(A) 20
(B) 50
(C) 30
(D) 10

## વિભાગ - B

- પ્રશ્નક્રમ 21 થી 30 પ્રશ્નોનાં ઉત્તર એક-બે વાક્યમાં આપો : (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.) [10]

(21) વૃતાંશ શોધવાનું સૂત્ર લખો.

(22) જીવનની ભૌતિક ગુણવત્તા આંક (PQLI) ની રજૂઆત કોના દ્વારા કરવામાં આવી ?

(23) પ્રધાનમંત્રી જનધન યોજનાનું સંચાલન કોણ કરે છે ?

(24) કયા પ્રકારની થાપણો સૌથી વધુ તરલ હોય છે ?

(25) ગરીબી રેખા એટલે શું ?

(26) કયા વયજૂથને ઉત્પાદકીય વયજૂથ તરીકે ઓળખવામાં આવે છે ?

(27) NABARD નું પૂરું નામ જણાવો.

(28) વિદેશ વેપારનું કદ એટલે શું ?

(29) નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે ?

(30) પારિભાષિક શબ્દનો અર્થ આપો : મિલેટ્સ

## વિભાગ - C

- નીચે આપેલા 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : [24]
  (દરેક પ્રશ્નના 2 ગુણ)

(31) અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યૂટર ટેક્નોલોજીના ઉપયોગ તરીકે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સમજાવો.

(32) ઈન્ટરનેટના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

(33) આર્થિક વિકાસના લક્ષણો જણાવો. (ગમે તે ચાર)

(34) આર્થિક વિકાસના નિર્દેશકોના નામ જણાવો.

(35) દાબેલો ફુગાવો એટલે શું ?

(36) નાણાંના પ્રકાર જણાવો.

(37) શિડ્યુલ બેન્કનું વર્ગીકરણ જણાવો.

(38) RBI ની નાણાંકીય નીતિના ગુણાત્મક સાધનોના માત્ર નામ જણાવો.

(39) ગરીબીનો આવક અભિગમ સમજાવો.

(40) પ્રચ્છન્ન બેરોજગારીનો અર્થ આપો.

(41) પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના ટૂંકમાં સમજાવો.

(42) શ્રી રાજકૃષ્ણ સમિતિએ રજૂ કરેલ બેરોજગારીના માપદંડોના માત્ર નામ જણાવો.

(43) ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ? સમજાવો.

(44) ભારતમાં રેલવે સામેના પડકારો જણાવો.

(45) ખાદ્યજંગલ મૉડેલના ગમે તે બે ફાયદા જણાવો.

(46) અગ્નિઅસ્ત્રનો ઉપયોગ જણાવો.

## વિભાગ - D

- નીચે આપેલા 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો : (દરેક પ્રશ્નના 3 ગુણ) [21]

(47) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવો.

(48) માનવવિકાસ આંકના ઘટકો સમજાવો.

(49) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત લખો. (કોઈપણ છ મુદ્દા)

(50) ગરીબીના કોઈપણ ત્રણ નિર્દેશકો સમજાવો.

(51) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના (મનરેગા) : ટૂંકનોંધ લખો.

(52) ભારતમાં વસ્તી નિયંત્રણના કોઈપણ ત્રણ ઉપાયો સમજાવો.

(53) પાકની ફેરબદલી સમજાવો.

(54) ટૂંકનોંધ લખો : હુંડિયામણ દર

(55) વિદેશ વેપારના કારણો સમજાવો. (ત્રણ મુદ્દા)

(56) વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) સમજાવો.

## વિભાગ - E

- નીચે આપેલા 57થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ઉત્તર વિસ્તારપૂર્વક આપો : [25]

(દરેક પ્રશ્નના 5 ગુણ)

(57) સાટા પ્રથાનો અર્થ આપી સાટા પ્રથાની મર્યાદાઓ સમજાવો.

(58) ભારતમાં ગરીબી ઘટાડવાના આર્થિક કારણો સમજાવો.

(59) મૃત્યુદરનો અર્થ આપી નીચાં મૃત્યુદરનાં કારણો સમજાવો.

(60) ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના ટેક્નોલોજીકલ સુધારાઓ સમજાવો.

(61) સ્થળાંતરનો અર્થ આપી સ્થળાંતરની નકારાત્મક અસરો ચર્ચો.

(62) શહેરીકરણની સમસ્યા હળવી કરવાના કોઈપણ પાંચ ઉપાયો સમજાવો.

(63) (A) : સામાન્ય વિદ્યાર્થીઓ માટે :

ભારતમાં જન્મદર અને મૃત્યુદરની આપેલી આંકડાકીય માહિતીને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરો.

| વર્ષ | જન્મદર (પ્રતિ 1000 વ્યક્તિએ) | મૃત્યુદર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|---|
| 1951 | 39.9 | 27.4 |
| 2011 | 21.8 | 7.1 |

(63) (B) : માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે :

ઉપરોક્ત 63(A)માં પૂછેલા પ્રશ્નનું માત્ર વિશ્લેષણ કરવું.